સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

WEEK 19 (08/05/22 to 14/05/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


# સામાન્ય વિજ્ઞાન

• વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે •
[ MCQ BOOSTER ]

## પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ-અધાતુ, એસિડ-બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.


JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**8 MAY-2022**

- દિવસ મહિમા : 08 મે, વિશ્વ રેડ ક્રોસ દિવસ, વિશ્વ થેલેસેમિયા દિવસ, મે માસનો બીજો રવિવાર, મધર્સ ડે ..... 02
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની યુરોપિયન દેશોની મુલાકાત ..... 04
- ભારત- નોર્ડિક સમિટ 2022 (India-Nordic Summit 2022) ..... 06
- QUESTION ANSWERS ..... 09

**9 MAY-2022**

- રાજસ્થાન 10 GW સૌર ક્ષમતાને પાર કરનાર પ્રથમ રાજ્ય બન્યું ..... 10
- નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-5 (NFHS-5) ..... 11
- QUESTION ANSWERS ..... 15

**10 MAY-2022**

- માર્તંડ સૂર્ય મંદિર ..... 16
- સુશ્રી પ્રિયંકા મોહિતે 8,000 મીટરથી વધુ પાંચ શિખરો સર કરનાર પ્રથમ ભારતીય બન્યા ..... 17
- સંતોષ ટ્રોફી 2021- 22 ..... 17
- QUESTION ANSWERS ..... 18

**11 MAY-2022**

- દિવસ મહિમા : 11 મે, રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ ..... 19
- ભારતના પ્રસિધ્ધ સંતૂર વાદક પંડિત શિવકુમાર શર્માનું નિધન ..... 20
- મેડ્રિડ ઓપન 2022 (Madrid Open 2022) ..... 21
- QUESTION ANSWERS ..... 23

**12 MAY-2022**

- દિવસ મહિમા : 12 મે, આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ (International Nurses Day) ..... 24
- પુલિત્ઝર પુરસ્કાર 2022 (Pulitzer Prize 2022) ..... 25
- ઓપરેશન દૂધી (Operation Dudhi) ..... 27
- QUESTION ANSWERS ..... 29

**13 MAY-2022**

- ચક્રવાત આસાની (Cyclone Asani) ..... 30
- શ્રી બાલકૃષ્ણ દોશીને 'રોયલ ગોલ્ડ મેડલ 2022' એનાયત કરવામાં આવ્યો ..... 32
- શ્રી યુન સુક યોલ દક્ષિણ કોરિયાના નવા રાષ્ટ્રપતિ બન્યા ..... 33
- ASI દ્વારા રાખીગઢી ખાતે ઉત્ખન્ન ..... 33
- QUESTION ANSWERS ..... 35

**14 MAY-2022**

- ભારતના નવા મુખ્ય ચૂંટણી કમિશનર : શ્રી રાજીવ કુમાર ..... 36
- ભારત 'Association of Asian Election Authorities' (AAEA) નું અધ્યક્ષ બન્યુ ..... 38
- QUESTION ANSWERS ..... 39

**ONE LINER** ..... 40

**QUESTION OF THIS WEEK** ..... 45


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દિવસ મહિમા : 08 મે, (1) વિશ્વ રેડ ક્રોસ દિવસ (World Red Cross Day)
(2) વિશ્વ થેલેસેમિયા દિવસ
(3) મે માસનો બીજો રવિવાર, મધર્સ ડે

## વિશ્વ રેડ ક્રોસ દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 મે ના રોજ 'વિશ્વ રેડ ક્રોસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ રેડ ક્રોસ દિવસને 'ક્રીસેંટ ડે' (Red Crescent Day) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ દિવસ રેડ ક્રોસ અને ઈન્ટરનેશનલ કમિટી ઓફ ધ રેડ ક્રોસ (ICRC)ના સ્થાપક શ્રી જીન હેનરી ડ્યૂનાન્ટની જન્મજંયતિની યાદમાં ઉજવવામાં આવે છે.
- 8 મે, 1948 ના રોજ 'વિશ્વ રેડ ક્રોસ દિવસ'ની ઉજવણી માટેનો ઠરાવ અપનાવવામાં આવ્યો હતો.
- આથી, પ્રથમ 'વિશ્વ રેડ ક્રોસ દિવસ'ની ઉજવણી વર્ષ 1948માં કરવામાં આવી હતી.
- આ દિવસ સામાન્ય જનતાને માનવતાવાદી સહાય પૂરી પાડવાના કાર્યમાં રોકાયેલ વિશ્વની મહત્વપૂર્ણ એજન્સી (રેડ ક્રોસ) અને સમાજમાં તેના યોગદાનને જાણવાની તક પૂરી પાડે છે.
- વિશ્વ રેડ ક્રોસ દિવસ 2022ની થીમ 'BeHumanKind' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


નોંધ: (1) શ્રી જીન હેનરી ડ્યૂનાટનો જન્મ 8 મે, 1828 ના રોજ સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે થયો હતો.

(2) વર્ષ 1901માં તેમને માનવ સેવાના કાર્ય બદલ નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

(3) 'ઈન્ટરનેશનલ કમિટી ઓફ ધ રેડ ક્રોસ' (ICRC)ની સ્થાપના શ્રી જીન હેનરી ડ્યૂનાટ દ્વારા વર્ષ 1863માં કરવામાં આવી હતી તથા તેનું મુખ્યમથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.

(4) ભારતીય રેડ ક્રોસ સોસાયટીની રચના ભારતમાં વર્ષ 1920માં કરવામાં આવી હતી.

## વિશ્વ થેલેસેમિયા દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 મે ના રોજ 'વિશ્વ થેલેસેમિયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ થેલેસેમિયા જેવી ગંભીર આનુવંશિક વિકૃતિઓ અને તેનાથી પીડિત દર્દીઓના સંઘર્ષ વિશે જાગૃતિ લાવવાનો છે.
- આ ઉપરાંત આ દિવસ પીડિતોના જીવનને સુધારવા માટે સમર્પિત ડોક્ટરો અને અન્ય તબીબી કર્મચારીઓ અને આ રોગને નાબૂદ કરવા માટે કામ કરી રહેલા વૈજ્ઞાનિકોનું પણ સન્માન કરે છે.

## થેલેસેમિયા શું છે ?

થેલેસેમિયા એ આનુવંશિક રક્ત વિકાર છે એટલે કે વારસાગત રોગ છે.

- તે સતત લોહીના વિકારને લીધે દર્દીની લાલ રક્ત કોશિકાઓ (RBCs) પૂરતા પ્રમાણમાં હિમોગ્લોબિન ઉત્પન્ન કરતી નથી, જે એનિમિયા તરફ દોરી શકે છે અને દર્દીઓને જીવિત રહેવા માટે દર બે થી ત્રણ અઠવાડિયામાં બ્લડ ચઢાવવાની જરૂર પડે છે.
- રોગની તીવ્રતા જનીનો અને તેમની ક્રિયાપ્રતિક્રિયાઓમાં સામેલ પરિવર્તનો પર આધારિત છે.
- થેલેસેમિયાના બે મુખ્ય પ્રકાર છે. (1) આલ્ફા થેલેસેમિયા અને (2) બીટા થેલેસેમિયા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મધર્સ ડે




સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં 'મધર્સ ડે'ની ઉજવણી જુદા–જુદા દિવસે થાય છે.

- જોકે, ભારત સહિત વિશ્વના મોટા ભાગના દેશોમાં મે માસના બીજા રવિવારે 'મધર્સ ડે' ઉજવાય છે.
- આ અંતર્ગત વર્ષ 2022માં ભારતમાં 8 મે ના રોજ 'મધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી.

## આ દિવસની ઉજવણીનો પ્રારંભ

આધુનિક 'મધર્સ ડે'ની સૌપ્રથમ વખત ઉજવણી ઈ.સ. 1908માં સુશ્રી એના જાર્વિસ દ્વારા અમેરિકાના વેસ્ટ વર્જિનિયાના ગ્રાફટન ખાતે આવેલા એક ચર્ચમાં કરવામાં આવી હતી.

- ઈ.સ. 1912 માં સુશ્રી એના જાર્વિસે 'મે મહિનાનો બીજો રવિવાર' અને 'મધર્સ ડે' શબ્દોના ટ્રેડમાર્ક કરાવ્યા હતા.
- અને તેમણે 'મધર્સ ડે ઈન્ટરનેશનલ'ની સ્થાપના કરી હતી.
- સમગ્ર વિશ્વના પ્રત્યેક માતાનું સન્માન થાય અને તેમનું સ્વાભિમાન જળવાઈ રહે તે માટે 'મધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની યુરોપિયન દેશોની મુલાકાત

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ત્રણ યુરોપિયન દેશો જર્મની, ડેનમાર્ક અને ફ્રાન્સની મુલાકાત લીધી હતી.



## ભારત- ડેનમાર્ક

શ્રી નરેન્દ્રભાઈ મોદીની ડેનમાર્ક મુલાકાત દરમિયાન ભારત અને ડેનમાર્ક રિન્યુએબલ એનર્જી અને વેસ્ટ વોટર મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરીને ગ્રીન વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા સંમત થયા છે.

- આ ઉપરાંત ભારતે મિશન પાર્ટનર તરીકે ઈન્ટરનેશનલ સેન્ટર ફોર સોલ્યુશન્સ (ICARS)મા જોડાવા માટે ડેનમાર્કનું આમંત્રણ સ્વીકાર્યું છે.
- આ ઉપરાંત શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડેનમાર્કના વડાપ્રધાન અને ડેનમાર્કના ક્રાઉન પ્રિન્સ શ્રી ફ્રેડરિક સાથે 'ઈન્ડિયા–ડેનમાર્ક બિઝનેસ ફોરમ'માં ભાગ લીધો હતો.
- આ ઈવેન્ટનું ધ્યાન નીચેના ક્ષેત્રો પર હતું :

(1) ગ્રીન ટેકનોલોજી, ઈનોવેશન અને ડિજીટાઈઝેશન

(2) ઊર્જા સ્વતંત્રતા અને નવીનીકરણીય ઊર્જા

(3) પાણી, પર્યાવરણ અને કૃષિ

(4) ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પરિવહન અને સેવાઓ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ડેનમાર્કની મુલાકાત દરમિયાન કયા કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે ?

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ડેનમાર્કની એક દિવસીય મુલાકાત દરમિયાન નીચેના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા :

(1) સ્થળાંતર અને ગતિશીલતા પર ઉદ્દેશ્યની ઘોષણા (DoI)

(2) ગ્રીન શિપિંગમાં સેન્ટર ઓફ એક્સેલન્સ પર લેટર ઓફ ઈન્ટેટ (LoI)

(3) વર્ષ 2022-2026 માટે સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર અને ડેનિસ સંસ્કૃતિ મંત્રાલય વચ્ચે સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ (CEP)

(4) જળશક્તિ મંત્રાલય અને ડેનિશ પર્યાવરણ મંત્રાલય વચ્ચેનો આશયપત્ર

(5) કૌશલ્ય વિકાસ, વ્યાવસાયિક શિક્ષણ અને ઉદ્યોગ સાહસિકતાના ક્ષેત્રમાં સહકાર પર MoU

(6) પશુપાલન અને ડેરીના ક્ષેત્રમાં સહકાર અંગે સંયુક્ત ઘોષણા

(7) મંત્રી સ્તરે ઊર્જા નીતિ સંવાદનો શુભારંભ

નોંધ: (1) ભારત અને ડેનમાર્ક વચ્ચે રાજદ્વારી સંબંધો સપ્ટેમ્બર, 1949માં સ્થાપિત થયા હતા.

(2) સપ્ટેમ્બર 2020માં આયોજિત વર્ચ્યુઅલ સમિટ દરમિયાન દ્વિપક્ષીય સંબંધો 'ગ્રીન વ્યૂહાત્મક ભાગીદારી'ના સ્તરે ઉન્નત થયા હતા.

(3) ડેનમાર્કની રાજધાની કોપનહેગન છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-જર્મની

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની જર્મનીની મુલાકાત દરમિયાન જર્મન ચાન્સેલર શ્રી ઓલોફ શોલ્ઝ (અથવા સ્કોલ્ઝ) સાથે વાતચીત કરી હતી.

- આ દરમિયાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જર્મન વડાને સુરતનું નકસીદાર રાઈટીંગ ટેબલ ભેટમાં આપ્યું હતું.
- બંને દેશના નેતાઓએ ભારત અને જર્મની વચ્ચે પરસ્પર સહયોગ વધારવા ભાર મૂક્યો હતો.
- તથા દ્વિપક્ષીય વેપાર તથા સાંસ્કૃતિક સંબંધો વિકસાવવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.
- જર્મનીની સેના દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યું હતું.
- ભારત અને જર્મનીએ બંને દેશોના વિદેશ વિભાગ વચ્ચે ડાયરેક્ટ એન્ક્રિપ્ટેડ કનેક્શન કરાર કર્યા હતા.
- તેમણે યુક્રેન યુધ્ધ તેમજ ઈન્ડો પેસિફિકમાં હાલની સ્થિતિની સમીક્ષા કરી હતી.
- જર્મની યુરોપમાં ભારતના સૌથી મહત્વપૂર્ણ ભાગીદારોમાંનું એક છે.

- બીજા વિશ્વ યુદ્ધ પછી ફેડરલ રિપબ્લિક ઓફ જર્મની સાથે રાજદ્વારી સંબંધો સ્થાપિત કરનાર ભારત પ્રથમ દેશોમાંનો એક હતો.

નોંધ: જર્મનીની રાજધાનીનું નામ બર્લિન છે.

## ભારત-ફ્રાન્સ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફ્રાન્સની મુલાકાત દરમિયાન પેરિસમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ શ્રી ઈમેન્યુઅલ મેક્રોન સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી.

- આ બેઠક દરમિયાન બંને દેશના નેતાઓએ યુક્રેન સામે રશિયાના સૈન્યની કાર્યવાહીને ધ્યાનમાં રાખીને સ્થાનિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારવિમર્શ કર્યો હતો.
- આ મુલાકાત દરમિયાન ફ્રાન્સે ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપ (NSG)માં ભારતના સમાવેશ માટેના તેના સમર્થનને રિપિટ કર્યુ હતું.
- ભારત અને ફ્રાન્સ પરંપરાગત રીતે ગાઢ સંબંધો ધરાવે છે.
- વર્ષ 1998માં બંને દેશોએ વ્યૂહાત્મક ભાગીદારી શરૂ કરી હતી, જેમાં સંરક્ષણ અને સુરક્ષા સહયોગ, અવકાશ સહયોગ અને નાગરિક પરમાણુ સહકાર સ્તંભો હતા.
- ભારત અને ફ્રાન્સની મજબૂત આર્થિક ભાગીદારી છે અને તેઓ સહકારના નવા ક્ષેત્રોમાં વધુને વધુ જોડાઈ રહ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-નોર્ડિક સમિટ 2022 (India-Nordic Summit 2022)



તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બીજી 'ઈન્ડિયા–નોર્ડિક સમિટ'માં ભાગ લીધો હતો.

- આ સમિટ ડેનમાર્કની રાજધાની કોપનહેગનમાં યોજાઈ હતી.
- આ બેઠકમાં દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબુત કરવાના માર્ગો પર ચર્ચા કરવામાં આવી હતી તથા પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર વિચારોની આપ–લે કરવામાં આવી હતી.
- નોર્ડિક દેશોએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં ભારતના કાયમી સભ્યપદ માટે તેમના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો.
- આ ઉપરાંત નેતાઓ ક્લાઈમેન્ટ ચેન્જ સામે લડવા અને તેનો સામનો કરવા સાથે મળીને કામ કરવા સંમત થયા હતા.

## નોર્ડિક દેશો કયા છે ?

નોર્ડિક દેશો એ ઉત્તર યુરોપ અને ઉત્તર એટલાન્ટિકનો ભૌગોલિક અને સાંસ્કૃતિક પ્રદેશ છે.

- નોર્ડિક દેશોમાં ડેનમાર્ક, ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે, સ્વીડન અને ફેરો ટાપુઓ (ડેનમાર્ક કિંગ્ડમમાં એક સવાયત્ત દ્વીપસમૂહ)નો સમાવેશ થાય છે.

## બેઠકની વિશેષતાઓ

### ભારત-ડેનમાર્ક

યુક્રેન યુદ્ધ, ભારત યુરોપિયન યુનિયન (EU) મુક્ત વેપાર કરાર અને ઈન્ડો–પેસિફિકની પરિસ્થિતિ સહિત દ્વિપક્ષીય સંબંધોને વેગ આપવા પરસ્પર હિતના મુદ્દાઓની વ્યાપક શ્રેણી પર ચર્ચા કરવામાં આવી હતી.

- આ ઉપરાંત બંને દેશો ગ્રીન હાઈડ્રોજન, રિન્યુએબલ એનર્જી અને વેસ્ટ વોટર મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરીને ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશિપને વધુ મજબૂત કરવા સંમત થયા હતા.

### ભારત-નોર્વે

બંને નેતાઓએ બ્લુ ઈકોનોમી, રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન, સોલાર અને વિન્ડ પ્રોજેક્ટ, ગ્રીન શિપિંગ, ફિશરીઝ, વોટર મેનેજમેન્ટ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ, સ્પેસ કો ઓપરેશન, લાંબા ગાળાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ, હેલ્થ જેવા ક્ષેત્રોમાં જોડાણને વધુ મજબૂત કરવા પર ચર્ચા કરી હતી.

- શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારપૂર્વક જણાવ્યુ હતું કે નોર્વે ભારતની તાજેતરમાં જાહેર કરાયેલી આર્કટિક નીતિનો મુખ્ય આધાર સ્તંભ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ભારત-સ્વીડન

બેઠક દરમિયાન બંને દેશના નેતાઓએ જોઈન્ટ એક્શન પ્લાનમાં પ્રગતિની સમીક્ષા કરી અને લીડરશિપ ગ્રુપ ઓન ઈન્ડસ્ટ્રી ટ્રાન્ઝિશન (LeadIT) પહેલના વિસ્તરણની પ્રશંસા કરી હતી.

### ભારત-આઈસલેન્ડ

બંને નેતાઓએ આર્થિક સહયોગને વધુ મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા કરી હતી.

- ખાસ કરીને ભૂઉષ્મિય ઉર્જા, બ્લુ ઈકોનોમિ, આર્કટિક, નવીનીકરણીય ઉર્જા, મત્સ્ય ઉદ્યોગ, ખાદ્ય પ્રક્રિયા, ડિજિટલ યુનિવર્સિટીઓ અને સંસ્કૃતિ સહિત શિક્ષણ.
- ભારત–યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન (EFTA) વેપાર વાટાઘાટોને વેગ આપવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

## ભારત-ફિનલેન્ડ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, ફ્યુચરિસ્ટિક મોબાઈલ, ટેક્નોલોજી, ક્લીન ટેક્નોલોજી અને સ્માર્ટ ગ્રીડ જેવી નવી અને ઉભરતી ટેક્નોલોજીમાં સહકાર વિસ્તારવાની તકોની ચર્ચા કરવામાં આવી હતી.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફિનિશ કંપનીઓને ભારતીય કંપનીઓ સાથે ભાગીદારી કરવા અને ભારતીય બજારમાં ખાસ કરીને ટેલિકોમ્યુનિકેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશનમાં વિશાળ તકોનો લાભ લેવા આમંત્રણ આપ્યું છે.

## ભારત માટે નોર્ડિક દેશોનું મહત્ત્વ


ભારત અને નોર્ડિક દેશો મજબૂત વેપાર ભાગીદારી ધરાવે છે.

- જોકે, આ દેશોનો વ્યક્તિગત રીતે આર્થિક વેપાર G20 દેશો કરતા ઘણો ઓછો છે.
- ભારત અને નોર્ડિક દેશો વચ્ચે કુલ દ્વિપક્ષીય વેપાર અને સેવાઓ 13 મિલિયન અમેરિકન ડોલર છે.
- અમેરિકા સિવાય ભારત એકમાત્ર એવો દેશ છે જેની સાથે નોર્ડિક દેશો સમિટ–સ્તરના જોડાણ ધરાવે છે.

## પ્રથમ ભારત-નોર્ડિક સમિટ ક્યારે યોજાઈ હતી ?

વર્ષ 2018માં સ્વીડનના સ્ટોકહોમમાં પ્રથમ ભારત–નોર્ડિક સમિટ યોજાઈ હતી.

અમદાવાદ




ગાંધીનગર



1. વિશ્વ રેડ ક્રોસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 મે (B) 7 મે (C) 8 મે (D) 9 મે (C)

2. 'વિશ્વ થેલેસેમિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 મે (B) 7 મે (C) 8 મે (D) 9 મે (C)

3. ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં 'મધર્સ ડે'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

(A) મે માસના પ્રથમ શનિવારે (B) મે માસના બીજા શનિવારે

(C) મે માસના પ્રથમ રવિવારે (D) મે માસના બીજા રવિવારે (D)

4. તાજેતરમાં (મે, 2022માં) ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા યુરોપિયન દેશની મુલાકાત લીધી હતી ?

(A) જર્મની (B) ડેનમાર્ક (C) ફ્રાન્સ (D) ઉપરોક્ત ત્રણેય (D)

5. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેટલામી 'ઈન્ડિયા–નોર્ડિક સમિટ'માં ભાગ લીધો હતો ?

(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી (B)

6. ભારત– નોર્ડિક સમિટ– 2022 કયા સ્થળે યોજાઈ હતી ?

(A) કોપનહેગન, ડેનમાર્ક (B) બર્લિન, જર્મની

(C) પેરિસ, ફ્રાન્સ (D) દિલ્હી, ભારત (A)

7. નોર્ડિક દેશોમાં કયા દેશનો સમાવેશ થાય છે ?

(1) ડેનમાર્ક, (2) ફિનલેન્ડ, (3) આઈસલેન્ડ, (4) નોર્વે,

(5) સ્વીડન, (6) ફેરો ટાપુઓ, (7) કેરેબિયન ટાપુઓ

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2, 3, 4, 5 અને 6 (B) 2, 3, 4, 6, 7

(C) 1, 3, 6, 7 (D) 1, 4, 5, 6, 7 (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજસ્થાન 10 GW સૌર ક્ષમતાને પાર કરનાર પ્રથમ રાજ્ય બન્યું




મેરકોમના ઈન્ડિયા સોલાર પ્રોજેક્ટ ટ્રેકરના જણાવ્યા અનુસાર રાજસ્થાન મોટા પાયે 10 GW સંચિત સૌર સ્થાપનો (Installations)ને પાર કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

- રાજસ્થાનમાં કુલ સ્થાપિત વીજ ક્ષમતા 32.5 GW છે.
- રાજસ્થાનમાં સ્થાપિત પાવર ક્ષમતામાં રિન્યુએબલ એનર્જીનો ફાળો 55% છે.
- જ્યારે થર્મલ ઊર્જા 43% ફાળો આપે છે અને અણુ ઊર્જા બાકીના 2% ફાળો આપે છે.
- રાજસ્થાનમાં સૌર એ મુખ્ય સ્ત્રોત છે, જે લગભગ 36% વીજળી ક્ષમતા મિશ્રણ અને 64% નવીનીકરણીય ઊર્જાનો હિસ્સો ધરાવે છે.
- મેરકોમના ઈન્ડિયા સોલાર પ્રોજેક્ટ ટ્રેકરના જણાવ્યા અનુસાર રાજસ્થાનમાં હાલમાં 16 ગીગાવોટથી વધુ સોલાર પ્રોજેક્ટનું નિર્માણ ચાલી રહ્યું છે.

### રાજસ્થાનમાં સૌર ઊર્જા ઉત્પાદન માટે અનુકૂળ પરિસ્થિતિઓ ?

રાજસ્થાનમાં સૌર ઊર્જા ઉત્પાદન માટેની અનુકૂળ પરિસ્થિતિઓ નીચે મુજબ છે :

(1) ભારતમાં સૌથી વધુ કિરણોત્સર્ગ રાજસ્થાન મેળવે છે.

(2) સોલાર પ્રોજેક્ટ શરૂ કરવા માટે જમીનની ઉપલબ્ધતા

(3) ન્યૂનત્તમ પાવર કટ સમસ્યાઓ

### રાજસ્થાનની સૌર ઊર્જા નીતિ

રાજસ્થાનની સૌર ઊર્જા 2019, જેનું લક્ષ્ય નાણાકીય વર્ષ 2024-25 સુધીમાં 30 ગીગાવોટ સૌર ઊર્જાનું લક્ષ્ય હાંસલ કરવાનો છે.

### મેરકોમ ઈન્ડિયા

તે અમેરિકા સ્થિત મેરકોમ કેપિટલ ગ્રુપની પેટાકંપની છે.

- તે ભારતીય ક્લીનટેક બજારોમાં વિશેષતા ધરાવતી સ્વચ્છ ઊર્જા સંશોધન અને સંચાર પેઢી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-5 (NFHS-5)

તાજેતરમાં 'નેશનલ ફેમિલી હેલ્થ સર્વે' (NFHS-5)ના પાંચમાં રાઉન્ડના બીજા તબક્કાનો રાષ્ટ્રીય અહેવાલ બહાર પાડવામાં આવ્યો છે.

- નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS) એ પરિવારોના પ્રતિનિધિ નમૂના તરીકે સમગ્ર ભારતમાં હાથ ધરાયેલું મોટા પાયે બહુ–સ્તરીય સર્વેક્ષણ છે.

### NFHS-5 રિપોર્ટ વિશે

આ સર્વેક્ષણમાં ભારતની રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની પ્રજનનક્ષમતા, શિશુ અને બાળ મૃત્યુ દર, કુટુંબ નિયોજનની પધ્ધતિઓ, માતા અને બાળ આરોગ્ય, પ્રજનન સ્વાસ્થ્ય, પોષણ, એનિમિયા, આરોગ્ય અને કુટુંબ નિયોજન સેવાઓની એક્સેસ અને ગુણવત્તા વગેરે સંબંધિત માહિતી પૂરી પાડી છે.

- NFHS-5નો અવકાશ સર્વેક્ષણના પ્રથમ રાઉન્ડ (NFHS-4)ના સંદર્ભમાં નવા પરિમાણો ઉમેરીને વિસ્તૃત કરવામાં આવ્યો છે.
- જેમ કે મૃત્યુ નોંધણી, પૂર્વ–શાળા શિક્ષણ, બાળ રસીકરણનું વિસ્તૃત ક્ષેત્ર, બાળકો માટે સુક્ષ્મ પોષકતત્વોના ઘટકો, માસિક સ્વચ્છતા, આલ્કોહોલ અને તમાકુના ઉપયોગની આવર્તન, બિન–ચેપી રોગો (NCD)ના વધારાના ઘટકો, 15 વર્ષ અને તેથી વધુ માપવા માટે વિસ્તૃત વય શ્રેણી તમામ વૃધ્ધ લોકોમાં હાયપરટેન્શન અને ડાયાબિટીસ વગેરે...
- તે 30 ટકાઉ વિકાસ લક્ષ્યો (SDG) નક્કી કરવા માટે માર્ગદર્શિકા તરીકે કાર્ય કરે છે જે દેશને વર્ષ 2030 સુધીમાં હાંસલ કરવાના છે.
- રાષ્ટ્રીય અહેવાલ સામાજિક–આર્થિક અને અન્ય પરિપ્રેક્ષ્ય સાથે સંબંધિત ડેટા પણ પ્રદાન કરે છે. જે નીતિ નિર્માણ અને અસરકારક કાર્યક્રમ અમલીકરણ માટે ઉપયોગી છે.
- NFHS-5 નેશનલ રિપોર્ટ NFHS-4(2015-16) થી NFHS-5 (2019-21) સુધીની પ્રગતિની યાદી આપે છે.

### ઉદ્દેશ્ય

NFHSના પ્રગતિશીલ તબક્કાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં આરોગ્ય અને કુટુંબ કલ્યાણ અને અન્ય ઉભરતા ક્ષેત્રો સંબંધિત વિશ્વસનીય અને તુલનાત્મક ડેટા પ્રદાન કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# NFHS- 5 રાષ્ટ્રીય અહેવાલની વિશેષતાઓ

## કુલ પ્રજનન દર (TFR)

### (1) એકંદર

NFHS- 4 અને NFHS- 5 વચ્ચે રાષ્ટ્રીય સ્તરે કુલ પ્રજનન દર (TFR) 2.2 થી ઘટીને 2.0 થયો છે.

- ભારતમાં માત્ર પાંચ રાજ્યો એવા છે જે 2.1 પ્રજનન ક્ષમતાના રિપ્લેસમેન્ટ લેવલથી ઉપર છે.
- આ રાજ્યો બિહાર, મેઘાલય, ઉત્તરપ્રદેશ, ઝારખંડ અને મણિપુર છે.
- રિપ્લેસમેન્ટ લેવલ અથવા પ્રતિસ્થાપન સ્તરની સંભવિતતા એ કુલ પ્રજનન દર છે, જે સ્ત્રી દીઠ જન્મેલા બાળકોની સરેરાશ સંખ્યા છે કે જેના પર વસતી સ્થળાંતર વિના પેઢી દર પેઢી સંપૂર્ણપણે બદલાઈ જાય છે.

### (2) ઉચ્ચતમ અને નીચો પ્રજનન દર

દેશમાં બિહાર અને મેઘાલય સૌથી વધુ પ્રજનન દર ધરાવે છે.

- જ્યારે સિક્કિમ અને આંદામાન અને નિકોબાર ટાપુઓ સૌથી ઓછો પ્રજનન દર ધરાવે છે.

### (3) પ્રદેશ મુજબ

ગ્રામીણ વિસ્તારમાં કુલ પ્રજનન દર 1992-93માં મહિલા દીઠ 3.7 બાળકોથી ઘટીને 2019-21માં 2.1 બાળકો પર આવી ગયો છે.

- જ્યારે શહેરી વિસ્તારોમાં મહિલાઓમાં કુલ પ્રજનન દર 1992-93માં 2.7 બાળકોથી ઘટીને 2019-21માં 1.6 બાળકો થયો છે.

### (4) સમુદાય મુજબ

છેલ્લા બે દાયકામાં તમામ ધાર્મિક સમુદાયોમાં મુસ્લિમ સમુદાયના પ્રજનન દરમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નાની ઉંમરમાં લગ્ન

### (1) એકંદર

પ્રારંભિક લગ્નની રાષ્ટ્રીય સરેરાશમાં ઘટાડો જોવા મળ્યો છે.

- NFHS-5 મુજબ સર્વેક્ષણ કરાયેલી 23.3% સ્ત્રીઓ 18 વર્ષની કાયદેસરની ઉંમરે પહોંચતા પહેલાં પરણિત હતી.
- જે NFHS-4 માં નોંધાયેલ 26.8% થી ઓછી છે.
- પુરુષોમાં વહેલા લગ્નની ટકાવરી 17.7 (NFHS- 5) અને 20.3(NFHS-4) છે.

## (2) સૌથી વધુ વૃધ્ધિ

પંજાબ, પશ્ચિમ બંગાળ, મણિપુર, ત્રિપુરા અને આસામમાં આ દર સૌથી વધુ વધ્યો છે.

- ત્રિપુરામાં સ્ત્રીઓ માટે લગ્નમાં સૌથી વધુ 33.1% (NFHS- 4) થી 40.1% અને પુરુષો માટે 16.2% થી 20.4% સુધીનો વધારો જોવા મળ્યો છે.

## (3) વહેલા લગ્નનો સૌથી વધુ દર ધરાવતા રાજ્યો

બિહારની સાથે પશ્ચિમ બંગાળ એવા રાજ્યોમાંનું એક છે જ્યાં વહેલા લગ્નનો દર સૌથી વધુ છે.

## (4) નાની ઉંમરે લગ્નનો સૌથી ઓછો દર ધરાવતા રાજ્યો

જમ્મુ અને કાશ્મીર, લક્ષદ્વીપ, લદ્દાખ, હિમાચલ પ્રદેશ, ગોવા, નાગાલેન્ડ, કેરળ, પુડુચેરી અને તમિલનાડુ.

## કિશોરવય ગર્ભાવસ્થા

કિશોર વયનો ગર્ભાવસ્થા દર 7.9% થી ઘટીને 6.8% થયો છે.

## ગર્ભનિરોધક પદ્ધતિનો ઉપયોગ

## (1) રોજગાર પરિબળ

53.4% મહિલાઓ જે નોકરી કરતી નથી, તેની સરખામણીમાં કામ કરતી 66.3% મહિલાઓ દ્વારા આધુનિક ગર્ભનિરોધક પધ્ધતિ (Contraceptive Method)નો ઉપયોગ કરે છે.

- જે સમુદાયો અને પ્રદેશોમાં વધુ સામાજિક– આર્થિક પ્રગતિ જોવા મળે છે ત્યાં ગર્ભનિરોધકનો ઉપયોગ વધી રહ્યો છે.

## (2) આવકના પરિબળો

કુટુંબ નિયોજન પધ્ધતિઓ માટેની અપૂર્ણ જરૂરિયાત સૌથી ઓછી સંપત્તિ ક્વિન્ટાઈલ (11.4%)માં સૌથી વધુ અને સૌથી વધુ સંપત્તિ ક્વિન્ટાઈલ (8.6%)માં સૌથી ઓછી હોવાનું જણાવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# મહિલાઓ સામે ઘરેલું હિંસા

## (1) એકંદર

વર્ષ 2015- 16માં ઘરેલું હિંસાની 31.2 ઘટનાઓ હતી, જે વર્ષ 2019- 21માં નજીવી રીતે ઘટીને 29.3% થઈ ગઈ છે.

## (2) સૌથી વધુ અને સૌથી નીચુ

કર્ણાટકમાં મહિલાઓ સામે ઘરેલું હિંસાના સૌથી વધુ 48% કેસ જોવા મળ્યા છે.

- ત્યારબાદ બિહાર, તેલંગાણા, મણિપુર અને તમિલનાડુનો નંબર આવે છે.
- લક્ષદ્વીપમાં ઘરેલું હિંસાના સૌથી ઓછા (2.1%) બનાવો નોંધાયા છે.

## સંસ્થાગત જન્મ

ભારતમાં સંસ્થાગત એકંદર જન્મ દર 79% થી વધીને 89% થયો છે.

## રસીકરણ સ્તર

NFHS- 4ના 62%ની સરખામણી 12- 23 મહિનાની ઉંમરના ત્રણ– ચતુર્થાંશ (77%)થી વધુ બાળકોને સંપૂર્ણ રસી આપવામાં આવી હતી.

## સ્ટંટિંગ

છેલ્લા ચાર વર્ષમાં દેશમાં પાંચ વર્ષથી ઉંમરના બાળકોમાં સ્ટંટિંગનું સ્તર 38% થી ઘટીને 36 ટકા પર આવી ગયું છે.

## સ્થૂળતા

NFHS-4ની સરખામણીમાં NFHS-5માં મોટાભાગના રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં વધારે વજન અથવા સ્થૂળતાનો વ્યાપ વધ્યો છે.

- રાષ્ટ્રીય સ્તરે તે સ્ત્રીઓમાં 21 ટકાથી વધીને 24 ટકા અને પુરુષોમાં 19 ટકાથી વધીને 23 ટકા થઈ ગયો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** મેરકોમના ઈન્ડિયા સોલાર પ્રોજેક્ટ ટ્રેકરના જણાવ્યા અનુસાર કયું રાજ્ય 10 GW સૌર ક્ષમતાને પાર કરનાર પ્રથમ રાજ્ય બન્યું છે ?

(A) રાજસ્થાન (B) અરૂણાચલ પ્રદેશ (C) કેરળ (D) આસામ **(A)**

**2.** નેશનલ ફેમિલી હેલ્થ સર્વે– 5 (NFHS- 5)ના પાંચમાં રાઉન્ડના બીજા તબક્કાનો રાષ્ટ્રીય અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો. આ અહેવાલ મુજબ કુલ પ્રજનન દર (TFR) 2.2 થી ઘટીને ..........થયો છે.

(A) 2.1 (B) 2.0 (C) 1.6 (D) 1.0 **(B)**

**3.** તાજેતરમાં 'નેશનલ ફેમિલી હેલ્થ સર્વે– 5' (NFHS- 5)ના પાંચમાં રાઉન્ડના બીજા તબક્કાનો રાષ્ટ્રીય અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ અહેવાલ અનુસાર NFHS- 4 અને NFHS- 5 વચ્ચે રાષ્ટ્રીય સ્તરે 'કુલ પ્રજનન દર' (TFR) 2.2 થી ઘટીને 2.0 થયો છે.
2. આ અહેવાલ અનુસાર દેશમાં બિહાર અને મેઘાલય સૌથી વધુ પ્રજનન દર ધરાવે છે.
3. આ અહેવાલ અનુસાર બિહારની સાથે પશ્ચિમ બંગાળ એવા રાજ્યોમાનું એક છે જ્યાં વહેલા લગ્નનો દર સૌથી વધુ છે.
4. આ અહેવાલ અનુસાર કિશોર વયનો ગર્ભાવસ્થા દર 7.9% થી ઘટીને 6.8% થયો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## માર્તંડ સૂર્ય મંદિર

તાજેતરમાં જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નરે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ હેઠળ સંરક્ષિત સ્મારક અને 8મી સદીના માર્તંડ સૂર્ય મંદિરના અવશેષો પર આયોજિત ધાર્મિક સમારોહમાં ભાગ લીધો હતો.



- આ મંદિરને 'રાષ્ટ્રીય મહત્વના સ્થળો' તરીકે માન્યતા આપવામાં આવી છે.

### માર્તંડ સૂર્ય મંદિર

માર્તંડ સૂર્ય મંદિર જમ્મુ કાશ્મીરના અનંતનાગ ખાતે આવેલું છે.

- માર્તંડ સૂર્ય મંદિરને પાંડૌ લેદાન તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તેનું નિર્માણ કરકોટ વંશના ત્રીજા શાસક શ્રી લલીતાદિત્ય મુક્તાપિડેએ કરાવ્યુ હતું.
- આ મંદિર 220 ફૂટ લાંબુ અને 142 ફૂટ પહોળું છે.
- આ મંદિરની ફરતે 84 સ્તંભોનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ સ્તંભો વચ્ચે એક પ્રવેશદ્વાર છે જ્યાંથી મંદિરમાં પ્રવેશ કરવામાં આવે છે, આ પ્રવેશદ્વાર ખૂબ જ વિશાળ છે.
- આ મંદિર બનાવવામાં પથ્થરોની બંને બાજુ ઈંટો ગોઠવવામાં આવી છે, જે તે સમયના કારીગરોની કુશળતા દર્શાવે છે.
- માર્તંડનો સંસ્કૃત સમાનાર્થી સૂર્ય થાય છે.
- મુસ્લિમ શાસક સિકંદર શાહ મીરીના આદેશથી તેનો નાશ કરવામાં આવ્યો હતો. હાલમાં તે ખંડેર હાલાતમાં છે.
- ખંડેર અને સંલગ્ન પુરાતત્વીય તારણો પરથી એવું કહી શકાય કે તે કાશ્મીરી સ્થાપત્યની શ્રેષ્ઠ કૃતિ હતી. જેમાં ગાંધાર, ગુપ્ત અને ચીની સ્થાપત્યના મિશ્ર સ્વરૂપ હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી પ્રિયંકા મોહિતે 8,000 મીટરથી વધુ પાંચ શિખરો સર કરનાર પ્રથમ ભારતીય બન્યા

5 મે, 2022ના રોજ પશ્ચિમ મહારાષ્ટ્રના સતારામાં રહેતા સુશ્રી પ્રિયંકા મોહિતે કંચનજંગા પર્વત પર ચઢ્યા પછી 8000 મીટરથી વધુ પાંચ શિખરો સર કરનાર પ્રથમ ભારતીય બન્યા છે.

- તેમણે 5 મે, 2022ના રોજ સાંજે 4 : 52 કલાકે વિશ્વના ત્રીજા સૌથી ઊંચા કંચનજંગા (8,586 મીટર) સુધીનું પોતાનું અભિયાન સફળતાપૂર્વક પૂર્ણ કર્યુ છે.
- સુશ્રી પ્રિયંકા મોહિતેને વર્ષ 2020 માં તેનઝિંગ નોર્ગે એડવેન્ચર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
- તેમણે એપ્રિલ, 2021માં માઉન્ટ અન્નપૂર્ણા શિખર સર કર્યુ હતું. જે વિશ્વનું 10મું સૌથી ઊંચુ શિખર છે.
- 30 વર્ષની ઉંમરે તેમણે 8,485 મીટરની ઊંચાઈએ માઉન્ટ મકાલુ પણ સર કર્યુ છે.
- આ ઉપરાંત તેમણે 5,895 મીટરની ઊંચાઈએ માઉન્ટ કિલીમંજારો પણ ચઢ્યો છે.

## સંતોષ ટ્રોફી 2021- 22

તાજેતરમાં કેરળના મલપ્પુરમ જિલ્લાના મંજેરી ખાતે પ્રસિધ્ધ ફૂટબોલ ટુર્નામેન્ટ 'સંતોષ ટ્રોફી 2021- 22'નું આયોજન કરવામાં આવ્યું હતું.



- 2021- 22ની સંતોષ ટ્રોફીની આ 75મી આવૃતિ હતી.
- નોંધનીય છે કે કોવિડ– 19 મહામારીને કારણે છેલ્લી સીઝન રદ કરવામાં આવી હતી.
- સંતોષ ટ્રોફી 2021- 22ની ફાઈનલમાં પશ્ચિમ બંગાળને હરાવીને કેરળે આ ટુર્નામેન્ટ જીતી લીધી છે.
- નોંધનીય છે કે કેરળે સાતમી વખત આ ટાઈટલ જીત્યું છે.

નોંધ: (1) પશ્ચિમ બંગાળની ટીમ 46મી વખત સંતોષ ટ્રોફીમાં ફાઈનલમાં પહોંચનાર ટીમ બની હતી.

(2) સંતોષ ટ્રોફીના સૌથી વધુ ટાઈટલ 32 વખત પશ્ચિમ બંગાળે જીત્યા છે.

(3) સંતોષ ટ્રોફી હીરો મોટોકોર્પ સાથેના સ્પોન્સરશિપના કારણે સત્તાવાર રીતે 'હીરો સિનિયર મેન્સ નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશિપ' તરીકે પણ ઓળખાય છે.

(4) આ ફૂટબોલ ટુર્નામેન્ટની શરૂઆત વર્ષ 1941માં ઈન્ડિયન ફૂટબોલ એસોસિએશન (IFA) દ્વારા કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં સમાચારમાં રહેલ માર્તંડ સૂર્ય મંદિર કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલ છે ?

(A) ઓડિશા (B) જમ્મુ– કાશ્મીર (C) લદ્દાખ (D) સિક્કિમ **(B)**

2. માર્તંડ સૂર્ય મંદિર સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે જમ્મુ– કાશ્મીરના અનંતનાગ ખાતે આવેલું છે.

(B) તેનું નિર્માણ લલીતાદિત્ય મુક્તાપિડેએ કરાવ્યું હતું.

(C) આ મંદિરને પાંડૌ લેદાન તરીકે પણ ઓળખવામાં આવે છે.

(D) ઉપરોક્ત તમામ **(D)**

3. તાજેતરમાં કઈ ભારતીય મહિલા 8,000 મીટરથી વધુ પાંચ શિખરો સર કરનાર પ્રથમ ભારતીય બન્યા ?

(A) સુશ્રી પ્રિયંકા મોહિતે (B) સુશ્રી અવની મોહિતે

(C) સુશ્રી રીના મોહિતે (D) સુશ્રી જ્વલા મોહિતે **(A)**

4. સંતોષ ટ્રોફી 2021- 22નું આયોજન કયા રાજ્યમાં થયું હતું ?

(A) મધ્યપ્રદેશ (B) પ. બંગાળ (C) કેરળ (D) હરિયાણા **(C)**

5. સંતોષ ટ્રોફી 2021- 22 વિજેતા ટીમનું નામ જણાવો ?

(A) કેરળ (B) પ. બંગાળ (C) મહારાષ્ટ્ર (D) પશ્ચિમ રેલ્વે **(A)**

6. સંતોષ ટ્રોફી કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) વોલીબોલ (B) ફૂટબોલ (C) હોકી (D) ક્રિકેટ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 11 મે, રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ (National Technology Day)

ભારતના કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય દ્વારા ભારતમાં દર વર્ષે 11 મે ના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં વૈજ્ઞાનિક અને ટેક્નોલોજી ક્ષેત્રે થયેલી વિવિધ શોધોની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### 11મે ના રોજ આ દિવસ શા માટે ઉજવાય છે ?

(1) 11 મે, 1998ના રોજ ભારતે રાજસ્થાનના પોખરણ ખાતેથી 'ઓપરેશન શક્તિ' (મૂળ નામ : ઓપરેશન શક્તિ– 98) અંતર્ગત પરમાણુ અથવા તો ન્યુક્લિયર બોમ્બનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

(2) 11 મે, 1998ના રોજ ભારતના પ્રથમ સ્વદેશી એરક્રાફટ 'હંસા– 3'નું બેંગલુરુ ખાતેથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

(3) 11 મે, 1988ના રોજ ભારતે 'ત્રિશુલ' મિસાઈલનું પણ અંતિમ સફળ પરીક્ષણ કર્યુ હતું.

આથી, આ દિવસની યાદમાં ભારતમાં દર વર્ષે 11 મે ના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈએ આ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત ભારતમાં 1999 થી દર વર્ષે 11 મે ના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2022ના રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસની થીમ 'Integrated Approch in Science and Technology for Sustainable Future' છે.

### ભારતનું પરમાણુ પરીક્ષણ

ભારતે 18 મે, 1974ના રોજ રાજસ્થાનના પોખરણ ખાતે પ્રથમ પરીક્ષણ કર્યુ હતું.

- આ પરીક્ષણને 'સ્માઈલિંગ બુધ્ધા' નામ આપવામાં આવ્યું હતું.
- ત્યારબાદ 11 મે, 1998ના રોજ ભારતે બીજું પરમાણુ પરીક્ષણ 'પોખરણ– II' હાથ ધર્યુ હતું.
- આ બીજા પરમાણુ પરીક્ષણને 'ઓપરેશન શક્તિ' નામ આપવામાં આવ્યું હતું.
- અને આ પરીક્ષણ દ્વારા ભારત અણુ અથવા તો પરમાણુ શક્તિ ધરાવતો વિશ્વનો છઠ્ઠો દેશ બની ગયો હતો.
- 'ઓપરેશન શક્તિ' અથવા તો 'પોખરણ– II' અંતર્ગત 5 પરમાણુ બોમ્બનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- આ 5 પરમાણુ બોમ્બમાંથી 1 બોમ્બ Fusion Bomb હતો. અને બાકીના 4 બોમ્બ Fission Bomb હતા.
- જેમાંથી 11 મે, 1998ના રોજ એક Fusion અને બે Fission Bombનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- અને ત્યારબાદ 13 મે, 1998ના રોજ બાકીના બે Fission Bombનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

# ભારતના પ્રસિધ્ધ સંતૂર વાદક પંડિત શિવકુમાર શર્માનું નિધન

ભારતના પ્રસિધ્ધ સંતૂર વાદક પંડિત શિવકુમાર શર્માનું તાજેતરમાં 84 વર્ષની વયે નિધન થયું છે.



- સંતૂર એ ભારતની મહાન શાસ્ત્રીય સંગીત પરંપરાનો એક અભિન્ન ભાગ છે.
- પંરતુ આ લોકવાદ્યને શાસ્ત્રીય પરંપરાના મહત્વપૂર્ણ સાધન તરીકે સ્થાપિત કરવાનો શ્રેય પંડિત શિવકુમાર શર્માને જાય છે.

## પંડિત શિવકુમાર શર્મા

પંડિત શિવકુમાર શર્માનો જન્મ 13 જાન્યુઆરી, 1938ના રોજ જમ્મુમાં થયો હતો.

- તેમના પિતા શ્રી ઉમા દત્ત શર્મા ગાયક અને તબલા વાદક હતા.
- જ્યારે તેઓ માત્ર પાંચ વર્ષના હતા ત્યારે તેમના પિતાએ તેમને સ્વર અને તબલા શિખવવાનું શરૂ કર્યુ હતું.
- ત્યારબાદ તેમણે 13 વર્ષની ઉંમરે સંતૂર શિખવાનું શરૂ કર્યુ હતું.
- વર્ષ 1955માં મુંબઈમાં તેમણે પ્રથમ જાહેર પ્રદર્શન આપ્યું હતું.
- શ્રી શિવકુમાર શર્માને સંતૂરને લોકપ્રિય ભારતીય શાસ્ત્રીય સંગીત તરીકે રજૂ કરવાનો શ્રેય આપવામાં આવે છે.
- તેમણે 1960માં તેમનું પ્રથમ સોલો આલ્બમ રેકોર્ડ કર્યુ હતું.
- 1967મા તેમણે ચૌરસિયા અને ગિટારવાદક બ્રિજ ભૂષણ કાબરા સાથે મળીને કોન્સેપ્ટ આલ્બમ 'કોલ ઓફ ધ વેલી'નું નિર્માણ કર્યુ હતું. જે ભારતીય સંગીતના સર્વશ્રેષ્ઠ હિટ ગીતોમાંનું એક હતું.
- તેમણે 1955ની એક ફિલ્મ 'ઝનક ઝનક પાયલ બાજે'ના દશ્ય માટે પૃષ્ઠભૂમિ સંગીતની રચના કરી હતી.
- તેમણે અનેક ફિલ્મો માટે સંગીત આપ્યું હતું જેમ કે ફાસલો, ચાંદની, લમ્હે, ડર વગેરે.
- વર્ષ 1986માં તેમને સંગીત નાટક અકાદમી પુરસ્કાર એનાયત થયો હતો.
- વર્ષ 1991માં પદ્મ શ્રી અને વર્ષ 2001માં પદ્મભૂષણ એનાયત કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સંતૂર

સંતૂર એ ભારતમાં સૌથી લોકપ્રિય વાદ્યો પૈકીનું એક છે.

- જેનો ઉપયોગ શાસ્ત્રીય સંગીતથી લઈને તમામ પ્રકારના સંગીતમાં થાય છે.
- સંતૂર એ મૂળ કાશ્મીરનું લોકવાદ્ય છે. અને તેનો ઉપયોગ સૂફી સંગીતમાં થતો હતો.
- એવું પણ માનવામાં આવે છે કે સંતૂરનું મૂળ ઈરાનમાં 1800 વર્ષ પહેલા હોવાનું માનવામાં આવે છે.
- સંતૂરનું ભારતીય નામ 'શતતંત્રી વીણા' છે, જેનો અર્થ થાય છે 'સો તારવાળી વીણા'.
- જેને પાછળથી ફારસી ભાષામાંથી સંતૂર નામ મળ્યું છે.
- સંતૂરમાં લાકડાની બનેલી પેટીમાં બધી રચના હોય છે.
- સંતૂરને આગળથી વળેલી લાકડી દ્વારા વગાડવામાં આવે છે.

## મેડ્રિડ ઓપન 2022 (Madrid Open 2022)

તાજેતરમાં 28 એપ્રિલથી 8 મે, 2022 દરમિયાન સ્પેનના મેડ્રિડના પાર્ક મંઝાનારેસ ખાતે આઉટડોર ક્લે કોર્ટ પર 'મેડ્રિડ ઓપન 2022' ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.



- મેડ્રિડ ઓપન એ એક વ્યાવસાયિક ટેનિસ ટુર્નામેન્ટ છે.
- મેડ્રિડ ઓપન 2022 એ આ ટુર્નામેન્ટની 13 મી આવૃત્તિ હતી.
- આ ટુર્નામેન્ટમાં સ્પેનના 19 વર્ષીય શ્રી કાર્લોસ અલ્કારાઝે મેન્સ સિંગલ્સનું ટાઈટલ જીત્યુ હતું.
- નોંધનીય છે કે આ ટુર્નામેન્ટમાં તેમણે શ્રી નોવાક જોકોવિચ, શ્રી રાફેલ નડાલ અને શ્રી એલેક્ઝાન્ડર ઝવેરેવને હરાવ્યા હતા.
- જ્યારે આ ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સનું ટાઈટલ ટ્યૂનિશિયાના સુશ્રી ઓન્સ જબેર (અથવા જબેઉર)એ જીત્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મેડ્રિડ ઓપન 2022 વિજેતાઓ

| ક્રમ | ટાઈટલ | વિજેતા |
|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી કાર્લોસ અલ્કારાઝ (સ્પેન) |
| 2 | મહિલા સિંગલ્સ | સુશ્રી ઓન્સ જબેઉર (ટ્યૂનેશિયા) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી વેસ્લી કુલહોફ (નેધરલેન્ડ)<br>શ્રી નીલ સ્કુપ્સી (યુનાઈટેડ કિંગ્ડમ) |
| 4 | મહિલા ડબલ્સ | સુશ્રી ગેબ્રિએલા ડાબ્રોસ્કી (કેનેડા)<br>સુશ્રી જિયુલિયાના ઓલ્મોસ (મેક્સિકો) |

**નોંધ:** ટેનિસની પ્રસિધ્ધ મેડ્રિડ ઓપન ટુર્નામેન્ટને મતુઆ મેડ્રિડ ઓપન તરીકે પણ ઓળખવામાં આવે છે.



1. ભારતમાં 'રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 મે (B) 9 મે (C) 10 મે (D) 11 મે (D)

2. ભારતમાં 11 મે ના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણીનો પ્રારંભ કયારથી થયો હતો ?

(A) 1996 (B) 1997 (C) 1999 (D) 2002 (C)

3. 11 મે ના રોજ ભારતમાં નીચેનામાંથી કઈ ઘટના ઘટી હોવાથી આ દિવસે ભારતમાં 'રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

1. 11 મે, 1974ના રોજ પોખરણ– I નો પ્રારંભ

2. 11 મે, 1998ના રોજ 'પૃથ્વી' મિસાઈલનું સફળ પરીક્ષણ

3. 11 મે, 1998ના રોજ ભારતના પ્રથમ સ્વદેશી યાન 'હંસા– 3'નું પરીક્ષણ

4. 11 મે, 1998ના રોજ પોખરણ IIનો પ્રારંભ

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 3 અને 4 (D)

4. તાજેતરમાં પંડિત શિવકુમાર શર્માનું નિધન થયું છે તે નીચેના પૈકી શાની સાથે સંકળાયેલા હતા ?

(A) સંતૂર વાદક (B) વાસળી વાદક (C) મૃદંગ વાદક (D) સિતાર વાદક (A)

5. ટેનિસની પ્રસિધ્ધ ટુર્નામેન્ટ 'મેડ્રિડ ઓપન 2022'નું મેન્સ સિંગલ્સનું ટાઈટલ કોણે જીત્યુ છે ?

(A) શ્રી કોર્લોસ અલ્કારાઝ (B) શ્રી વેસ્લી કુલ્હોફ

(C) શ્રી રાફેલ નડાલ (D) શ્રી નોવાક જોકોવિચ (A)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 12 મે, આતંરરાષ્ટ્રીય નર્સ દિવસ (International Nurses Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 12 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય નર્સ (પરિચારિકા) દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સાક્ષાત દેવી સ્વરૂપ નર્સ બહેનોના સમાજ પ્રત્યેના અમૂલ્ય યોગદાનને બિરદાવવાનો છે.
- સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલનો જન્મદિન 12 મે દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવાય છે.
- બ્રિટનમાં 'દયાની દેવી' તરીકે પ્રસિધ્ધ થયેલા સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલે 'આધુનિક નર્સિંગ'ની સ્થાપના કરી હતી.
- આથી, તેમનો જન્મ દિવસ 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવાય છે.
- International Council of Nurses (ICN) દ્વારા 1965થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- જોકે, 12 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'ની ઉજવણી કરવાનો નિર્ણય જાન્યુઆરી, 1974મા થયો હતો.
- અને ત્યારબાદ દર વર્ષે 12 મે ના રોજ આ દિવસ ઉજવાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વર્ષ 2022ની થીમ

વર્ષ 2022ના 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'ની થીમ 'Nurses : A Voice to lead- Invest in nursing and respect rights to secure global health' છે.

નોંધ: (1) સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલનો જન્મ 12 મે, 1820ના રોજ ઈટલીના ફ્લોરેન્સમાં થયો હતો. જોકે, તેમની કર્મભૂમિ બ્રિટન હતી.

(2) સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલ ક્રિમિઅન યુધ્ધ દરમિયાન ઘાયલ થયેલા બ્રિટિશ સૈનિકોની સંભાળ માટે પ્રસિધ્ધ છે. આ સમયે તેમણે નર્સોના મેનેજર અને ટ્રેનર તરીકે પણ ફરજ બજાવી હતી.

(3) સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલ 'લેડી વિથ ધ લેમ્પ' (Lady with the lamp) તરીકે પણ જાણીતા છે.

# પુલિત્ઝર પુરસ્કાર 2022 (Pulitzer Prize 2022)




તાજેતરમાં પત્રકારત્વ, સંગીત અને ડ્રામા જેવા અલગ અલગ ક્ષેત્રોમાં પુલિત્ઝર પુરસ્કાર 2022ના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી.

- આ વિજેતાઓની યાદીમાં ભારતના સુશ્રી સન્ના ઈર્શાદ મટ્ટો, શ્રી અમિત દવે, શ્રી અદાનાન આબિદી અને શ્રી દાનિશ સિદ્દીકી પત્રકારત્વની શ્રેણીમાં સામેલ છે.
- આ ઉપરાંત યુક્રેનમાં ચાલી રહેલા યુધ્ધના અહેવાલ માટે કામ કરતા પત્રકારોને વિશેષ પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## કઈ કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થયો છે ?

મુખ્યત્વે પત્રકારત્વ ઉપરાંત બુક્સ, ડ્રામા અને મ્યુઝિકની વિવિધ કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થાય છે.

- તેમાંથી પત્રકારત્વની Feature Photography કેટેગરીમાં આ તમામ ભારતીય પત્રકારોને આ પુરસ્કાર એનાયત થયો છે.
- સ્વર્ગસ્થ ફોટોગ્રાફર શ્રી દાનિશ સિદ્દીકીને મરણોપરાંત એવોર્ડ આપવામાં આવ્યો છે.
- ભારતમાં Covid- 19 કટોકટીના કવરેજ માટે સુશ્રી સન્ના ઈર્શાદ મટ્ટો, શ્રી અમિત દવે, શ્રી અદનાન આબિદી અને સ્વર્ગસ્થ શ્રી દાનિશ સિદ્દીકીને આ પુરસ્કાર એનાયત થયો છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી દાનિશ સિદ્દકી

શ્રી દાનિશ સિદ્દકીનો જન્મ 19 મે, 1983ના રોજ નવી દિલ્હી ખાતે થયો હતો.

- તેઓ દિલ્હી સ્થિત ભારતીય ફોટો જર્નાલિસ્ટ હતા અને રાષ્ટ્રીય રોઈટર્સ મલ્ટીમીડિયા ટીમનું નેતૃત્વ કરતા હતા.
- રોહિંગ્યા શરણાર્થી સંકટના કવરેજ માટે રોઈટર્સ ટીમના ભાગરૂપે ફોટોગ્રાફી માટે તેમને વર્ષ 2018માં પણ પુલિત્ઝર પુરસ્કાર મળ્યો હતો.
- 16 જુલાઈ, 2021ના રોજ તાલિબાન અને અફઘાન સેના વચ્ચે અથડામણ દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.
- કોવિડ– 19 મહામારીના કવરેજ માટે વર્ષ 2022માં તેમને આ બીજુ પુલિત્ઝર મરણોત્તર પુરસ્કાર આપવામાં આવ્યો છે.

## સુશ્રી સન્ના ઈર્શાદ મટ્ટુ

સુશ્રી સન્ના ઈર્શાદ મટ્ટુનો જન્મ જમ્મુ કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં થયો હતો.

- તેઓ જમ્મુ અને કાશ્મીરના ફોટો જર્નાલિસ્ટ છે.
- તેઓ હાલમાં રોઈટર્સ સાથે કામ કરી રહ્યા છે.

## શ્રી અદનાન આબિદી

શ્રી અદનાન આબિદી નવી દિલ્હી સ્થિત ફોટોગ્રાફર છે.

- તેમને 2017, 2020 અને 2022માં એમ ત્રણ વખત પુલિત્ઝર પુરસ્કાર મળ્યો છે.
- તેઓ વર્તમાન રોઈટર્સ સાથે કામ કરી રહ્યા છે.

## શ્રી અમિત દવે

શ્રી અમિત દવેનો જન્મ ગુજરાતના અમદાવાદ ખાતે થયો હતો.

- તેઓ અમદાવાદ સ્થિત ફોટોગ્રાફર છે.
- કોવિડ– 19 મહામારીના કવરેજ માટે વર્ષ 2022નો આ પુલિત્ઝર પુરસ્કાર મળ્યો છે.

નોંધઃ (1) રોઈટર્સ એ થોમસન રોઈટર્સની માલિકીની આંતરરાષ્ટ્રીય સમાચાર એજન્સી છે.

(2) તે વિશ્વભરમાં લગભગ 200 સ્થળોએ અંદાજિત 2500 પત્રકારો અને 600 ફોટો જર્નાલિસ્ટ્સને રોજગારી આપે છે.

(3) તેમનું મુખ્ય મથક ઈંગ્લેન્ડના લંડન ખાતે આવેલું છે.

(4) પત્રકારત્વની જાહેરસેવા કેટેગરીમાં વોશિંગ્ટન પોસ્ટને 6 જાન્યુઆરી, 2021ના રોજ કેપિટોલ પરના હુમલાના કવરેજ માટે પુલિત્ઝર પુરસ્કાર 2022 મળ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પુલિત્ઝર પુરસ્કાર

પુલિત્ઝર પુરસ્કાર એ મુખ્યત્વે પત્રકારત્વ (ઉપરાંત સાહિત્ય અને સંગીત) ક્ષેત્રે એનાયત થતો અમેરિકાનો પ્રતિષ્ઠિત પુરસ્કાર છે.

- વર્ષ 1917મા શ્રી જોસેફ પુલિત્ઝર દ્વારા આ પુરસ્કારનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- શ્રી જોસેફ પુલિત્ઝર હંગેરી મૂળના અમેરિકન ન્યૂઝ પેપર પબ્લિશર હતા.
- હાલ આ પુરસ્કારનું સંચાલન અમેરિકાના ન્યુયોર્ક ખાતે આવેલી કોલમ્બિયા યુનિવર્સિટી દ્વારા કરવામાં આવે છે.
- દર વર્ષે 20 થી વધુ કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થાય છે. વર્ષ 2022માં કુલ 23 કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થયો છે.
- આ પુરસ્કાર અંતર્ગત દરેક કેટેગરીના દરેક વિજેતાને એક સર્ટિફિકેટ અને 15,000 ડોલરનો રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.
- જ્યારે આ પુરસ્કાર અંતર્ગત **Public Service Category**માં એવોર્ડ વિજેતાને **Gold Madal** પણ એનાયત થાય છે.

## ઓપરેશન દૂધી (Operation Dudhi)

તાજેતરમાં આસામ રાઈફલ્સ દ્વારા ઓપરેશન દૂધી (Operation Dudhi)માં બચી ગયેલા સૈનિકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

- વર્ષ 1991માં જમ્મુ અને કાશ્મીરમાં આસામ રાઈફલ્સ દ્વારા હાથ ધરવામાં આવેલા એક આતંકવાદ વિરોધી ઓપરેશનમાં 72 આતંકવાદીઓ માર્યા ગયા હતા.

## શું હતું ઓપરેશન દૂધી

આ ઓપરેશન આસામ રાઈફલ્સ દ્વારા 1990 થી 1992 દરમિયાન જમ્મુ અને કાશ્મીરમાં કરવામાં આવ્યું હતું.

- આ ઓપરેશન અંતર્ગત 15 સૈનિકોની ટીમે 72 આતંકવાદીઓને ઠાર કર્યા હતા અને 13 અન્યની ધરપકડ કરી હતી.
- કોઈપણ સુરક્ષા દળ દ્વારા આતંકવાદ વિરોધી આ અત્યાર સુધીનું સૌથી સફળ ઓપરેશન છે.
- આસામ રાઈફલ્સની ટુકડીએ નિયમિત પેટ્રોલિંગ માટે ચોકીબલ ખાતેના બટાલિયન હેડક્વાર્ટર છોડી દીધુ હતું.
- શિયાળાના કારણે ખાલી પડેલી દૂધી પોસ્ટની ચકાસણી માટે પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- 5 અને 6 મે ની મોડી રાત સુધી ચાલેલા ભીષણ ગોળીબારમાં શ્રી રામ કુમાર આર્ય અને શ્રી કામેશ્વર પ્રસાદ શહિદ થયા હતા.
- તથા શ્રી આર. કે. યાદવ ઘાયલ થયા હતા.
- નોંધનીય છે કે આ ઓપરેશન 3 મે 1991ના રોજ હાથ ધરવામાં આવ્યું હતું.
- નાયબ સૂબેદાર શ્રી પદમ બહાદુર છેત્રીના કમાન્ડ હેઠળ 14 અન્ય રેન્ક સાથે જુનિયર કમિશન્ડ ઓફિસર (JCO) નો સમાવેશ કરતી કોલમ દ્વારા આ મિશન હાથ ધરવામાં આવ્યું હતું.



1. સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય પરિચારિકા દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 10 મે (B) 11 મે
(C) 12 મે (D) મે માસનો બીજો મંગળવાર (C)

2. કોનો જન્મદિન 12 મે દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) સુશ્રી એના હાર્વિસ (B) સુશ્રી પેરિસ હિલ્ટન
(C) સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલ (D) સુશ્રી જસ્ટિન બિઅબર (C)

3. વર્ષ 2022ની 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'ની થીમ શું છે ?
(A) Nurses : A Voice to lead- invest in nursing and respect right to secure global health.
(B) Nurses : A Voice to lead- health is a human right.
(C) Nurses : A Voice to lead- health for all
(D) ત્રણેયમાંથી એકપણ નહીં (A)

4. તાજેતરમાં પત્રકારત્વ, સંગીત, ડ્રામા જેવા અલગ અલગ ક્ષેત્રમાં પુલિત્ઝર પુરસ્કાર 2022 ના વિજેતાઓની યાદી જાહેર કરવામાં આવી છે. આ વિજેતાની યાદીમાં નીચેનામાંથી કયા ભારતીયનો સમાવેશ થાય છે ?
1. સુશ્રી સન્ના ઈર્શાદ મટ્ટો 2. શ્રી અમિત દવે
3. શ્રી અદનાન આબિદી 4. શ્રી દાનિશ સિદ્દકી
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 અને 4 (B) ફક્ત 1, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

5. તાજેતરમાં ભારતના ફોટોગ્રાફરો સુશ્રી સન્ના ઈર્શાદ મટ્ટો, શ્રી અમિત દવે, શ્રી અદનાન આબિદી અને શ્રી દાનિશ સિદ્દકીને પત્રકારત્વની કઈ કેટેગરીમાં વર્ષ 2022નો પુલિત્ઝાર પુરસ્કાર એનાયત થયો છે ?
(A) Feature Photography (B) Creative Photography
(C) City Photography (D) Local Area Photography (A)

6. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ઓપરેશન દૂધી' (Operation Dudhi) શું છે ?
(A) 1990- 1992 દરમિયાન આસામ રાઈફલ્સ દ્વારા જમ્મુ– કાશ્મીરમાં કરવામાં આવેલું આતંકવાદ વિરોધી ઓપરેશન.
(B) વર્ષ 1992માં ગુજરાતના કચ્છ બોર્ડર પર BSFના જવાનો દ્વારા હાથ ધરવામાં આવેલું ઓપરેશન.
(C) ISRO દ્વારા ટેકનોલોજી ક્ષેત્રે ક્રાંતિ લાવવાનું મિશન
(D) DRDO દ્વારા સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ પરીક્ષણો કરવાની શ્રેણી (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ચક્રવાત આસાની (Cyclone Asani)

તાજેતરમાં બંગાળની ખાડીમાં ઉદ્દભવેલું ચક્રવાત આસાની (Cyclone Asani) આંધ્રપ્રદેશ, પ.બંગાળ અને ઓડિશાના દરિયાકિનારે ત્રાટક્યુ હતું.

- આ ઉપરાંત તમિલનાડુ અને પુડુચેરીમાં પણ આ ચક્રવાતની અસર થઈ હતી.

### અસાની ચક્રવાતનું નામકરણ

'અસાની' અથવા 'આસાની' (Asani) ચક્રવાતનું નામ શ્રીલંકા દ્વારા આપવામાં આવ્યું છે.

- સિંહલી ભાષામાં 'અસાની' નો અર્થ ક્રોધ થાય છે.

નોંધ : 20 થી 30 માર્ચ 2022 દરમિયાન આંદામાન નિકોબાર દ્વાપુઓ અને મ્યાનમાર પર એક ચક્રવાત આવ્યું હતું. આ ચક્રવાતને પહેલા અસાની નામ આપ્યું હતું, જેને પાછળથી 'BOB-02' નામ આપવામાં આવ્યું હતું. જેની સર્વે વિદ્યાર્થી મિત્રોએ નોંધ લેવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વર્ગીકરણ

ચક્રવાત અસાનીને ચક્રવાતની 'ગંભીર ચક્રવાતી તોફાન'ની કેટેગરીમાં રાખવામાં આવ્યું છે.

- ભારતીય હવામાન વિભાગ (IMD) ચક્રવાતને તેમની મહત્તમ સ્થિર પવનની ગતિ (Maximum Sustained Surface wind Speed-MSW)ના આધારે વર્ગીકૃત કરે છે.
- હવાની ગતિના આધારે IMD અનુસાર ચક્રવાતનું વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવે છે :

| ક્રમ | કેટેગરી | હવાની એવરેજ ઝડપ (કિમી/કલાકમાં) |
|---|---|---|
| 1 | લો પ્રેશર | 31 થી ઓછી |
| 2 | ડિપ્રેશન | 31 થી 49 |
| 3 | ડીપ ડિપ્રેશન | 50 થી 61 |
| 4 | ચક્રવાતી તોફાન | 62 થી 88 |
| 5 | ગંભીર ચક્રવાતી તોફાન | 89 થી 117 |
| 6 | ખૂબ ગંભીર ચક્રવાતી તોફાન | 118 થી 167 |
| 7 | અત્યંત ગંભીર ચક્રવાતી તોફાન | 168 થી 221 |
| 8 | સુપર ચક્રવાતી તોફાન | 222 થી વધુ |

## ચક્રવાતનું નામકરણ કઈ રીતે થાય છે ?

ચક્રવાતની ભવિષ્યવાણી, ચેતવણી અને પૂર્વાનુંમાનમાં વિવિધ સરકારી એજન્સી અને સામાન્ય લોકો વચ્ચે કોમ્યુનિકેશનમાં સરળતા રહે એ માટે ચક્રવાતનું નામકરણ કરવામાં આવે છે.

- ઉષ્ણકટિબંધીય ચક્રવાતોને આ માટે વિવિધ ચેતવણી કેન્દ્રો દ્વારા નામ આપવામાં આવે છે.
- આ નામ આપવા માટે અગાઉથી જ એક લિસ્ટ બનાવવામાં આવ્યું હોય છે. અને આ લિસ્ટ પ્રમાણે જ તે ચક્રવાતને ક્રમશઃ નામ આપવામાં આવે છે.

## ઉત્તર હિંદ મહાસાગરમાં ચક્રવાતના નામ

$45^0$ પૂ. થી $100^0$ પૂ. વચ્ચેના ઉત્તર હિંદ મહાસાગરના ઉષ્ણકટિબંધીય ચક્રવાતના નામ ભારત મૌસમ વિભાગ (India Meteorologycal Department (IMD)/ RSMC, નવી દિલ્હી દ્વારા)આપવામાં આવે છે.

- આ માટે બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા, થાઈલેન્ડ, ઈરાન, કતાર, સાઉદી અરેબિયા અને યુ.એ.ઈ દ્વારા સૂચિત નામોનું એક લિસ્ટ બનાવવામાં આવે છે.
- આ લિસ્ટમાંથી ઉત્તર હિંદ મહાસાગરમાં ઉદ્‌ભવતા ચક્રવાતને ક્રમશ : નામ આપવામાં આવે છે.
- તાજેતરમાં ઉદ્‌ભવેલ ચક્રવાત અસાનીનું નામ શ્રીલંકા દ્વારા સુચિત કરવામાં આવ્યું હતું.

| WMO/ESCAP Panel Member countries | Column 1 | | Column 2 | | Column 3 | | Column 4 | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Name | Pron' | Name | Pron' | Name | Pron' | Name | Pron' |
| Bangladesh | Nisarga | Nisarga | Biparjoy | Biporjoy | Arnab | Ornab | Upakul | Upokul |
| India | Gati | Gati | Tej | Tej | Murasu | Murasu | Aag | Aag |
| Iran | Nivar | Nivar | Hamoon | Hamoon | Akvan | Akvan | Sepand | Sepand |
| Maldives | Burevi | Burevi | Midhili | Midhili | Kaani | Kaani | Odi | Odi |
| Myanmar | Tauktae | Tau'Te | Michaung | Migjaum | Ngamann | Ngaman | Kyarthit | Kjathi |
| Oman | Yaas | Yass | Remal | Re-Mal | Sail | Sail | Naseem | Naseem |
| Pakistan | Gulab | Gul-Aab | Asna | As-Na | Sahab | Sa-Hab | Afshan | Af-Shan |
| Qatar | Shaheen | Shaheen | Dana | Dana | Lulu | Lulu | Mouj | Mouj |
| Saudi Arabia | Jawad | Jowad | Fengal | Feinjal | Ghazeer | Razeer | Asif | Aasif |
| Sri Lanka | Asani | Asani | Shakhti | Shakhti | Gigum | Gigum | Gagana | Gagana |
| Thailand | Sitrang | Si-Trang | Montha | Mon-Tha | Thianyot | Thian-Yot | Bulan | Bu-Lan |
| United Arab Emirates | Mandous | Man-Dous | Senyar | Sen-Yaar | Afoor | Aa-Foor | Nahhaam | Nah-Haam |
| Yemen | Mocha | Mokha | Ditwah | Ditwah | Diksam | Diksam | Sira | Sira |

# શ્રી બાલકૃષ્ણ દોશીને 'રોયલ ગોલ્ડ મેડલ 2022' એનાયત કરવામાં આવ્યો


આર્કિટેક્ચર ક્ષેત્રનો વિશ્વનો સૌથી મોટો એવોર્ડ 'રોયલ ગોલ્ડ મેડલ 2022' અમદાવાદના પ્રસિદ્ધ આર્કિટેક શ્રી બાલકૃષ્ણ દોશીને આપવામાં આવ્યો છે.

- 94 વર્ષીય શ્રી બાલકૃષ્ણ દોશીને તેમની સાત દાયકાની કારકિર્દી દરમિયાન દેશભરમાં 100થી વધુ પ્રોજેક્ટ પૂર્ણ કરવા બદલ આ સન્માન આપવામાં આવ્યું છે.
- રોયલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બ્રિટિશ આર્કિટેક્સ (RIBA)ના પ્રમુખ શ્રી સાઈમન ઓલફોર્ડ દ્વારા શ્રી બાલકૃષ્ણ દોશીને આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- નોંધનીય છે કે ડિસેમ્બર 2021માં આ એવોર્ડ માટે શ્રી બાલકૃષ્ણ દોશીના નામની જાહેરાત કરવામાં આવી હતી.

## શ્રી બાલકૃષ્ણ દોશી

શ્રી બાલકૃષ્ણ દોશીનો જન્મ 26 ઓગસ્ટ, 1927ના રોજ પૂણે ખાતે થયો હતો.

- તેમનું પૂરું નામ બાલકૃષ્ણ વિઠ્ઠલદાસ દોશી છે.
- તેમને દક્ષિણ એશિયાના સ્થાપત્ય વર્ગમાં એક મહત્ત્વની વ્યક્તિ માનવામાં આવે છે અને ભારતીય સ્થાપત્ય કળાના વિકાસમાં તેમનું મહત્ત્વનું યોગદાન છે.
- તેમના નોંધનીય સ્થાપત્યો નીચે મુજબ છે :



(1) ECIL ટાઉનશિપ, હૈદરાબાદ

(2) સેપ્ટ યુનિવર્સિટી (CEPT), અમદાવાદ

(3) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, બેંગ્લોર

(4) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી, દિલ્હી

(5) અમદાવાદની ગુફા, અમદાવાદ

(6) અરણ્ય લો કોસ્ટ હાઉસિંગ, ઈન્દોર

(7) ઈફ્કો ટાઉનશિપ, કલોલ

(8) સવાઈ ગાંધર્વ, પુના

(9) પ્રેમાભાઈ હોલ, અમદાવાદ

(10) ટાગોર મેમોરિયલ હોલ, અમદાવાદ

**નોંધ :** વર્ષ 2018માં પ્રિઝકર આર્કિટેક્ચર પુરસ્કાર મેળવનારા તેઓ પ્રથમ ભારતીય આર્કિટેક બન્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રોયલ ગોલ્ડ મેડલ

રોયલ ગોલ્ડ મેડલ એ આર્કિટેક્ચર માટે વિશ્વનું સર્વોચ્ચ સન્માન છે.

- રોયલ ગોલ્ડ મેડલ એવી વ્યક્તિ અથવા જૂથને એનાયત કરવામાં આવે છે જેણે આર્કિટેક્ચરની પ્રગતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યુ હોય.
- આ પુરસ્કાર રોયલ ઈન્સ્ટિટયૂટ ઓફ બ્રિટિશ આર્કિટિક્સ દ્વારા દર વર્ષે આપવામાં આવે છે.

**નોંધ :** શ્રી બાલકૃષ્ણ દોશી અગાઉ વર્ષ 1984માં ભારતના શ્રી ચાર્લ્સ કોરિયાને રોયલ ગોલ્ડ મેડલ પુરસ્કાર એનાયત થયો હતો.

## શ્રી યુન સુક યોલ દક્ષિણ કોરિયાના નવા રાષ્ટ્રપતિ બન્યા



10 મે, 2022ના રોજ સિઓલની નેશનલ એસેમ્બલીમાં મુખ્ય વિપક્ષ પીપલ્સ પાવર પાર્ટીના 60 વર્ષીય શ્રી યુન સુક યોલે દક્ષિણ કોરિયાના નવા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે.

- તેઓ દક્ષિણ કોરિયાના 13મા રાષ્ટ્રપતિ બન્યા છે.
- તેમણે દક્ષિણ કોરિયાના 12મા રાષ્ટ્રપતિ શ્રી મૂન જે–ઈનનું સ્થાન લીધું છે.
- તેમણે એવા સમયે આ પદ સંભાળ્યુ જ્યારે દેશનો ઉત્તર કોરિયા સાથે ઉચ્ચ તણાવ ચાલી રહ્યો છે.
- નોંધનીય છે કે દક્ષિણ કોરિયાની રાજધાની સિઓલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ASI દ્વારા રાખીગઢી ખાતે ઉત્ખનન

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા હડપ્પન સંસ્કૃતિના રાખીગઢી સ્થળના તાજેતરના ખોદકામમાં કેટલાક ઘરો, શેરીઓ અને ડ્રેનેજ સિસ્ટમ (પાણીના નિકાલની વ્યવસ્થા)નું માળખુ બહાર આવ્યું છે.

- ASIના ખોદકામમાં તાંબા અને સોનાના આભૂષણ, ટેરાકોટાના રમકડા ઉપરાંત હજારો માટીના વાસણો અને સીલ પણ મળી આવ્યા છે.
- આ ખોદકામનો ઉદ્દેશ રાખીગઢીના માળખાકીય અવશેષોને શોધીને ભવિષ્ય માટે સાચવવાનો અને રાખીગઢીના પુરાતત્વીય સ્થળને પ્રવાસીઓ માટે સુલભ બનાવવાનો છે.
- આ ઉપરાંત ખોદકામમાં મળી આવેલા બે માનવ હાડપિંજરના ડીએનએ સેમ્પલ એકત્ર કરીને વૈજ્ઞાનિક તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

- આ ડીએનએ સેમ્પલના ટેસ્ટ રિપોર્ટના આધારે રાખીગઢી વિસ્તારમાં રહેતા લોકોની વંશાવલી અને ખાવાની આદતો વિશે માહિતી મેળવી શકાશે.

## સાઈટના મુખ્ય તારણો

### વસાહતો

પુરાતત્વીય ખોદકામ દર્શાવે છે કે પરિપક્વ હડપ્પન તબક્કાનું પ્રતિનિધિત્વ યોજનાબદ્ધ નગર પ્રણાલી દ્વારા કરવામાં આવ્યું હતું.

- જેમાં માટી ઈંટ તેમજ પાકા ઈંટોના મકાનોમાં ગટરની યોગ્ય વ્યવસ્થા હતી.

### મુદ્રા અને માટીકામ

એક નળાકાર મુદ્રા (અથવા સીલ) જેમાં એક તરફ પાંચ હડપ્પન અક્ષરો અને બીજી તરફ ઘડિયાલ છે, તે આ સ્થળ પરથી એક મહત્વપૂર્ણ શોધ છે.

- સિરામિક ઉદ્યોગમાં લાલ માટીકામ રજૂ કરવામાં આવતું હતું, જેમાં સાદી રકાબી, વાઝ અને છિદ્રિત જારનો સમાવેશ થતો હતો.

### ધાર્મિક વિધિઓ અને અગ્નિસંસ્કાર

પુરાતત્વીય ખોદકામમાં માટીના ભોંયતળિયા પર માટી–ઈંટો અને પ્રાણીઓના બલિ માટે ખોદવામાં આવેલા ખાડાઓ સાથે ત્રિકોણાકાર અને ગોળાકાર અગ્નિ–વેદીઓના પુરાવા પણ મળ્યા છે, જે હડપ્પાની ધાર્મિક પ્રણાલી સૂચવે છે.

- ખોદકામમાં કેટલીક કબરો પણ મળી છે, જે ચોક્કસપણે પછીના તબક્કાની છે કદાચ તે મધ્યયુગીન સમયગાળાની છે.
- ખોદકામમાં માટીના વાસણો અને જાસ્પર, એગેટ બીડ્સ અને શેલ બંગડીઓ જેવા આભૂષણો સાથે દફનાવવામાં આવેલા બે માદા હાડપિંજર મળ્યા હતા.

**નોંધ:** (1) રાખીગઢીમાં ખોદકામ દરમિયાન મળી આવેલા હાડપિંજરના DNA પર કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે સિંધુ ખીણની સંસ્કૃતિના લોકો સ્વતંત્ર વંશ છે.

(2) રાખીગઢી ભારતીય ઉપખંડનું સૌથી મોટું હડપ્પન સ્થળ છે.

(3) તે હરિયાણાના હિસ્સાર જિલ્લામાં ઘગ્ગર–હકરા નદીના મેદાનમાં સ્થિત છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં બંગાળની ખાડીમાં 'અસાની' અથવા 'આસાની' (Asani) નામનું ચક્રવાત ઉદ્‌ભવ્યું હતું. આ નામ કોણે આપ્યુ છે ?

(A) બાંગ્લાદેશ (B) શ્રીલંકા (C) મ્યાનમાર (D) ઓમાન — (B)

2. તાજેતરમાં આર્કિટેક્ચર ક્ષેત્રનો સર્વોચ્ચ એવોર્ડ 'રોયલ ગોલ્ડ મેડલ 2022' કોને એનાયત કરવામાં આવ્યો છે ?

(A) શ્રી વિક્ટર વેસ્નીન (B) શ્રી અલ્વર આલ્ટો
(C) શ્રી બાલકૃષ્ણ દોશી (D) શ્રી જેમ્સ બુક્સ — (C)

3. શ્રી બાલકૃષ્ણ દોશી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા છે ?

(A) આર્કિટેક (B) ચિત્રકલા
(C) નૃત્ય (D) ફોટોગ્રાફી — (A)

4. તાજેતરમાં શ્રી યુન સુક યોલ કયા દેશના નવા રાષ્ટ્રપતિ બન્યા છે ?

(A) જાપાન (B) ક્રોએશિયા (C) માલ્ટા (D) દક્ષિણ કોરિયા — (D)

5. તાજેતરમાં નીચેના પૈકી કયા હડપ્પન સ્થળે ASI દ્વારા કરેલા ખોદકામમાં ઘરો, શેરીઓ, ડ્રેનેજ સિસ્ટમ, ટેરાકોટાના રમકડા વગેરે મળી આવ્યા છે ?

(A) રાખીગઢી (B) મંડા (C) મહેરગઢ (D) સોક્ત કોહ — (A)

6. હડપ્પન સભ્યતાનું સ્થળ રાખીગઢી કયા રાજ્યમાં આવેલું છે ?

(A) પંજાબ (B) ઉત્તરપ્રદેશ (C) હરિયાણા (D) રાજસ્થાન — (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના નવા મુખ્ય ચૂંટણી કમિશનર : શ્રી રાજીવ કુમાર

તાજેતરમાં ભારતના નવા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે શ્રી રાજીવ કુમારની નિમણૂક કરવામાં આવી છે.

- તેઓ 15 મે, 2022થી ભારતના 25માં મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે કાર્યભાર સંભાળશે.
- કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે.
- તેઓ મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે શ્રી સુશીલ ચંદ્ર નું સ્થાન લેશે.

### શ્રી રાજીવ કુમાર



શ્રી રાજીવ કુમાર બિહાર/ ઝારખંડ કેડરના 1984 બેચના નિવૃત્ત IAS અધિકારી છે.

- તેઓ ફેબ્રુઆરી 2020 માં IAS માંથી નિવૃત્ત થયા હતા.
- તેમણે RBI, SBI અને નાબાર્ડમાં ડિરેક્ટર તરીકે સેવા આપી હતી.
- તેમણે અનેક બોર્ડ અને સમિતિઓના સભ્ય તરીકે પણ સેવા આપી છે.
- એપ્રિલ 2020માં તેમની જાહેર સાહસ પસંદગી બોર્ડના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.
- ત્યારબાદ તેઓ 1 સપ્ટેમ્બર, 2020થી ચૂંટણી કમિશનર તરીકે સેવા આપી રહ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### કેન્દ્રીય ચૂંટણીપંચ વિશે

કેન્દ્રીય ચૂંટણી પંચ એ એક સ્થાયી અને બંધારણીય સંસ્થા છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ 324 અનુસાર લોકસભા, રાજ્યસભા, રાજ્ય વિધાનસભાઓ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીઓનું સંચાલન અને નિયંત્રણ કરે છે.
- ચૂંટણીપંચની સ્થાપના 25 જાન્યુઆરી, 1950ના રોજ થઈ હતી.
- આથી, આ દિવસની યાદમાં ભારતમાં દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

# ચૂંટણીપંચનું માળખું

## ભારતના મુખ્ય તથા અન્ય ચૂંટણી કમિશનર

ભારતીય બંધારણના અનુચ્છેદ 324 (2) મુજબ ચૂંટણી પંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનરની રાષ્ટ્રપતિ નક્કી કરે તેટલી સંખ્યા હોય છે.

- રાષ્ટ્રપતિ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક કરવામાં આવે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 324 (3) મુજબ જ્યારે અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક કરવામાં આવશે ત્યારે મુખ્ય ચૂંટણી કમિશનર એ ચૂંટણીપંચના અધ્યક્ષ તરીકે કાર્ય કરશે.
- વર્તમાન ચૂંટણીપંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય બે ચૂંટણી કમિશનર કાર્યરત છે.

## ચૂંટણી કમિશનરની નિમણૂક અને રાજીનામુ

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ કરે છે.

- ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિને આપી શકે છે.

## ચૂંટણી કમિશનરનો કાર્યકાળ

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરનો કાર્યકાળ 6 વર્ષ અને 65 વર્ષની ઉંમરએ બે માંથી જે પહેલા આવે તે હોય છે.

## ચૂંટણી કમિશનરના વેતન અને ભથ્થા

ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોના વેતન અને ભથ્થા એક સમાન હોય છે.

- તેમને સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ જેટલું જ વેતન અને ભથ્થા આપવામાં આવે છે.

## ચૂંટણી કમિશનરને પદ પરથી હટાવવાની પ્રક્રિયા

મુખ્ય ચૂંટણી કમિશનરને પદ પરથી દૂર કરવાની પ્રક્રિયા એ સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયધીશને દૂર કરવાની પ્રક્રિયા મુજબ જ છે.

- જ્યારે અન્ય ચૂંટણી કમિશનરને રાષ્ટ્રપતિ મુખ્ય ચૂંટણી કમિશનરની સલાહથી હટાવી શકે છે.

**નોંધ:** (1) કેન્દ્રીય ચૂંટણી પંચ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રાજ્યસભાના સભ્યો, લોકસભા અને રાજ્ય વિધાનમંડળની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

(2) જ્યારે રાજ્ય ચૂંટણીપંચ પંચાયતો અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત 'Association of Asian Election Authorities' (AAEA) નું અધ્યક્ષ બન્યુ

ફિલિપાઈન્સના મનીલામાં તાજેતરમાં યોજાયેલી એક્ઝિક્યુટિવ બોર્ડ અને જનરલ એસેમ્બલીની બેઠકમાં વર્ષ 2022-2024 માટે 'એસોસિએશન ઓફ એશિયન ઈલેક્શન ઓથોરિટીઝ' (AAEA)ના નવા અધ્યક્ષ તરીકે ભારતને સર્વસંમતિથી ચૂંટવામાં આવ્યું છે.

- એક્ઝિક્યુટિવ બોર્ડમાં નવા ઉમેરાયેલા સભ્યોમાં રશિયા, ઉઝબેકિસ્તાન, શ્રીલંકા, માલદીવ, તાઈવાન અને ફિલિપાઈન્સનો સમાવેશ થાય છે.

### AAEA

AAEAનું પૂરું નામ 'Association of Asian Election Authorities' છે.

- જેનો ગુજરાતીમાં અર્થ 'એશિયન ચૂંટણી સત્તાવાળાઓનું સંગઠન' થાય છે.
- AAEAની વર્ષ 1998માં ફિલિપાઈન્સના મનીલામાં આયોજિત 21મી સદીમાં ચૂંટણીઓ પરના પરિસંવાદના સહભાગીઓ દ્વારા પસાર કરાયેલા ઠરાવના અનુસંધાનમાં તેની સ્થાપના કરવામાં આવી હતી.
- તે એક બિન–પક્ષીય મંચ છે જે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓને પ્રોત્સાહન આપવા અને શાસન અને લોકશાહીને મજબૂત કરવા માટે વિવિધ દેશોના ચૂંટણી અધિકારીઓ વચ્ચે શ્રેષ્ઠ પદ્ધતિઓની વહેંચણીને સક્ષમ કરે છે.
- ભારતીય ચૂંટણી પંચ એ AAEAની ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થા (EMB)નું સ્થાપક સભ્ય છે.
- ભારતે 2011-13 દરમિયાન AAEAના એક્ઝિક્યુટિવ બોર્ડમાં ઉપાધ્યક્ષ અને 2014-16 દરમિયાન અધ્યક્ષ તરીકે સેવા આપી છે.
- હાલમાં 20 એશિયન ચૂંટણી મોનિટરિંગ સંસ્થાઓ AAEAના સભ્ય છે.

### AAEA નો ઉદ્દેશ્ય

ચૂંટણી અધિકારીઓ વચ્ચે અનુભવ અને શ્રેષ્ઠ પ્રણાલીઓની વહેંચણી માટે એશિયન પ્રદેશમાં બિન–પક્ષીય મંચ પ્રદાન કરવું.

- સુશાસન અને લોકશાહીને ટેકો આપવાના ઉદ્દેશ્ય સાથે ખુલ્લી અને પારદર્શક ચૂંટણીઓને પ્રોત્સાહન આપવાની રીતો પર ચર્ચા કરવી અને કાર્ય કરવું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી રાજીવ શુકલા (B) શ્રી રાજીવ કુમાર

(C) શ્રી રાજીવ અરોરા (D) શ્રી રાજીવ ચંદ્ર (B)

2. ભારતમાં 'કેન્દ્રીય ચૂંટણી પંચ'ની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?

(A) 25 જાન્યુઆરી, 1947 (B) 25 જાન્યુઆરી, 1948

(C) 25 જાન્યુઆરી, 1949 (D) 25 જાન્યુઆરી, 1950 (D)

3. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં ચૂંટણી પંચ વિશેની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ–324 (B) અનુચ્છેદ–224 (C) અનુચ્છેદ–348 (D) અનુચ્છેદ–248 (A)

4. તાજેતરમાં 'Association of Asian Election Authorities' (AAEA)ના નવા અધ્યક્ષ તરીકે કયા દેશને ચૂંટવામાં આવ્યો છે ?

(A) પાકિસ્તાન (B) બાંગ્લાદેશ (C) ભારત (D) ચીન (C)

5. તાજેતરમાં ભારતને કયા સમયગાળા માટે 'Association of Asian Election Authorities' (AAEA)ના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યો છે ?

(A) 2022 - 2024 (B) 2023 - 2026 (C) 2023 - 2027 (D) 2022 - 2028 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

➤ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ગુજરાતી લેક્સિકન વચ્ચે MoU સંપન્ન**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ખાતે ગુજરાત વિશ્વકોશ અને ગુજરાતી લેક્સિકન વચ્ચે MoU સંપન્ન થયા છે. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ગુજરાતી લેક્સિકનની આ પહેલ તેમજ ઉમદા કામગીરી બદલ બંને સંસ્થાઓને અભિનંદન પાઠવતા જણાવ્યુ કે બંને સંસ્થાઓએ પ્રશંસનીય કામગીરી કરી છે તથા ગુજરાતી ભાષાની સમૃદ્ધિ અને ઉન્નતિમાં બંનેનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. આ ઉપરાંત તેમણે જણાવ્યુ હતુ કે રોબોટિક્સ–આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી જટિલ વિજ્ઞાનશાખાઓના જ્ઞાનને ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ કરાવવાના પ્રકલ્પ પણ આ બંને સંસ્થાઓ સાથે મળીને યોજી રહી છે એ પણ માતૃભાષાની જાળવણી માટે એક પ્રશંસાપાત્ર છે. ગુજરાતી વિશ્વકોશ એ ગુજરાતી ભાષાનો પ્રથમ અને એકમાત્ર જ્ઞાનકોશ છે. આ જ્ઞાનકોશમાં વિવિધ વિષયોને લગતું જ્ઞાન ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ઉત્કર્ષ સમારોહ : ભરૂચ**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભરૂચમાં આયોજિત 'ઉત્કર્ષ સમારોહ' કાર્યક્રમને વર્ચ્યુઅલ રીતે સંબોધન કર્યુ હતું. જિલ્લા વહીવટી તંત્રની ઉત્કર્ષ પહેલ હેઠળ ગંગા સ્વરૂપ બહેનોને રાજ્ય સરકારની નાણાકીય સહાય માટે કાર્યરત યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ સહાય યોજના, નિરાધાર વૃદ્ધ નાણાકીય સહાય યોજના અને રાષ્ટ્રીય પરિવાર સહાય યોજનામાં દેશમાં સૌપ્રથમ વખત 100 ટકા લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ચાર યોજનાઓ હેઠળ કુલ 12,854 લાભાર્થીઓની ઓળખ કરવામાં આવી હતી.

## ભારત

### ➤ આપત્તિ સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર આંતરરાષ્ટ્રીય પરિષદ

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'આપત્તિ સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરની આંતરરાષ્ટ્રીય પરિષદ' (International Conference on Disaster Resilient Infrastructure)ની ચોથી આવૃતિના ઉદ્‌ઘાટન સત્રને સંબોધિત કર્યુ હતું. ICDRI એ આપત્તિ અને આબોહવા અનુકૂલન માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વૈશ્વિક પહેલને મજબૂત કરવા સભ્ય દેશો અને સંસ્થાઓ સાથે ઈન્ટરનેશનલ કોએલિશન ફોર ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (CDRI) માટે વાર્ષિક આંતરરાષ્ટ્રીય પરિષદ છે. આપત્તિ સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ગઠબંધન એ રાષ્ટ્રીય સરકારો, સંયુક્ત રાષ્ટ્રની એજન્સીઓ અને કાર્યક્રમો, બહુપક્ષીય વિકાસ બેંકો અને ફાઈનાન્સીંગ મિકેનિઝમ્સ, ખાનગી ક્ષેત્ર વગેરેની મલ્ટી–સ્ટેકહોલ્ડર વૈશ્વિક ભાગીદારી છે. 23 સપ્ટેમ્બર, 2019ના રોજ યુનાઈટેડ નેશન્સ કલાઈમેન્ટ એકશન સમિટમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના ભાષણ દરમિયાન CDRIની શરૂઆત કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ ટકાઉ વિકાસના સમર્થનમાં આબોહવા અને આપત્તિના જોખમો માટે નવી અને હાલની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિસ્ટમની અનુકૂલનક્ષમતાને પ્રોત્સાહન આપવાનો છે. તેના સભ્યોમાં 22 દેશો અને 7 સંસ્થાઓનો સમાવેશ થાય છે.

### ➤ L&T Infotech અને Mindtree નું મર્જર

તાજેતરમાં લાર્સન એન્ડ ટુબ્રો (L&T) એ તેની બે સોફ્ટવેર કંપનીઓ L&T ઈન્ફોટેક અને માઈન્ડટ્રીના મર્જરની જાહેરાત કરી હતી. લાર્સન એન્ડ ટુબ્રો ઈન્ફોટેક (LTI) ની માર્કેટ મૂડી રૂ. 1.03 લાખ કરોડ છે જ્યારે માઈન્ડટ્રીની માર્કેટ મૂડી રૂ. 65,285 કરોડ છે. આ સંયુક્ત એન્ટિટી હવે LTIMindtree તરીકે ઓળખાશે. માઈન્ડટ્રીના CEO દેબાશીષ ચેટર્જી LTIMindtree ની સંયુક્ત સંસ્થાનું નેતૃત્વ કરશે.

### ➤ ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ

24 એપ્રિલ, 2022 થી 3 મે, 2022 સુધી 'ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2021' જૈન યુનિવર્સિટી, બેંગ્લુરુ ખાતે યોજાઈ હતી. આ ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સની બીજી આવૃત્તિ હતી. આ સ્પર્ધામાં કુલ 20 મેચો રમાઈ હતી. ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સની આ આવૃતિમાં દેશની 210 યુનિવર્સિટીઓના 3900 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ આવૃત્તિમાં પ્રથમ વખત મલ્લખંભા અને યોગાસન રજૂ કરવામાં આવ્યા હતા. કુલ 852 મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં 259 ગોલ્ડ મેડલ, 258 સિલ્વર મેડલ અને 335 બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. આ ગેમ્સમાં ટોચની ત્રણ યુનિવર્સિટી હતી જે આ મુજબ છે : (1) જૈન યુનિવર્સિટી (20 ગોલ્ડ, 7 સિલ્વર, 5 બ્રોન્ઝ), (2) લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી (17 ગોલ્ડ, 15 સિલ્વર, 19 બ્રોન્ઝ), (3) પંજાબ યુનિવર્સિટી (15 ગોલ્ડ, 9 સિલ્વર, 24 બ્રોન્ઝ). જૈન યુનિવર્સિટીના સ્વિમર શિવ શ્રીધર 9 મેડલ (7 ગોલ્ડ, 2 સિલ્વર) જીતીને સૌથી સફળ પુરુષ એથ્લેટ રહ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **લાડલી લક્ષ્મી યોજના 2.0**

મધ્યપ્રદેશના મુખ્યમંત્રીશ્રીએ 8 મે, 2022ના રોજ લાડલી લક્ષ્મી યોજના 2.0ના બીજા તબક્કાની શરૂઆત કરી છે. લાડલી લક્ષ્મી યોજના 2.0 એ દીકરીને ઉચ્ચ શિક્ષણ મેળવવા અને તેમને આત્મનિર્ભર બનાવવા માટે એક નવી પહેલ છે. કન્યાઓની આર્થિક અને શૈક્ષણિક સ્થિતિને વધારવા માટે મધ્યપ્રદેશ સરકાર દ્વારા વર્ષ 2007થી લાડલી લક્ષ્મી યોજના લાગુ કરવામાં આવી રહી છે. લાડલી લક્ષ્મી યોજના એ એક વ્યાપક યોજના છે જે દીકરીને જન્મથી લઈને લગ્ન સુધી હપ્તામાં નાણાકીય સહાય પૂરી પાડે છે. આ યોજના માટે પાત્રતા માપદંડ આ મુજબ છે. (1) દીકરીનો પરિવાર મધ્યપ્રદેશનો કાયમી નિવાસી હોવો જોઈએ (2) પરિવાર ગરીબી રેખા (BPL) નીચે હોવો જોઈએ (3) કુટુંબ આવક વેરો ભરનાર ન હોવો જોઈએ. નોંધનીય છે કે આ યોજના હેઠળ વધુમાં વધુ બે દીકરીઓનું રજિસ્ટ્રેશન કરાવી શકાય છે.

➤ **ટોમેટો ફ્લૂ**

તાજેતરમાં કેરળ રાજ્યના ઘણા ભાગોમાં ટોમેટો ફ્લૂના કેસ નોંધાયા હતા. આ વાયરલ રોગે મોટી સંખ્યામાં બાળકોને તેના શિકાર બનાવ્યા છે. ટોમેટો ફ્લૂ એ એક સામાન્ય વાયરલ ચેપ છે જે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં તાવનું કારણ બને છે. આ રોગ સામાન્ય રીતે ત્વચામાં બળતરા અને શરીરમાં પાણીની ખોટ સાથે શરૂ થાય છે. ફ્લૂથી સંક્રમિત બાળકને ટામેટા જેવી ફોલ્લીઓ થાય છે, જે સામાન્ય રીતે લાલ રંગની હોય છે. આથી તેને 'ટોમેટો ફ્લૂ' અથવા 'ટોમેટો ફીવર' કહેવામાં આવે છે. હાલમાં આ ચેપ ફક્ત કેરળના કોલ્લમ જિલ્લાના ભાગોમાં નોંધાયો છે, પરંતુ આરોગ્ય અધિકારીઓએ ચેતવણી આપી છે કે જો નિવારક પગલાં લેવામાં નહીં આવે તો ચેપ અન્ય વિસ્તારોમાં ફેલાઈ શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **યુ.કે - ઈન્ડિયા બિઝનેસ કમિશનની સ્થાપના કરવામાં આવશે**

તાજેતરમાં કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) અને કોન્ફેડરેશન ઓફ બ્રિટિશ ઈન્ડસ્ટ્રી (CBI)એ યુકે–ઈન્ડિયા ટ્રેડ કમિશનની સ્થાપના માટે કરાર કર્યો હતો. યુકે–ઈન્ડિયા બિઝનેસ કમિશનના ઉદ્દેશ્યો આ મુજબ છે : (1) યુનાઈટેડ કિંગ્ડમ અને ભારતમાં ઉદ્યોગો વચ્ચે સહકાર વધારવો (2) દ્વિપક્ષીય વેપારમાં અવરોધો દૂર કરવા અને ટેરિફ ઘટાડવાની હિમાયત કરવી (3) યુ.કે ઈન્ડિયા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA)નું ઝડપી નિષ્કર્ષ. કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) એ એક બિન–સરકારી વેપાર સંગઠન છે, જે સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ, 1860 હેઠળ નોંધાયેલ છે. તેની સ્થાપના 1895માં કરવામાં આવી હતી. તેનું મુખ્યમથક નવી દિલ્હીમાં છે. જ્યારે કોન્ફડરેશન ઓફ બ્રિટિશ ઈન્ડસ્ટ્રી (CBI) એ યુ.કે.માં સ્થિત એક બિન–લાભકારી વ્યવસાય સંસ્થા છે તેની રચના 1965માં કરવામાં આવી હતી.

➤ **વારાણસીમાં સ્કીલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર બનાવવામાં આવશે**

ઉત્તરપ્રદેશના વારાણસીમાં સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC) અને UAEના DP વર્લ્ડ વચ્ચે એક MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. DP વર્લ્ડની ભારતીય શાખા હિન્દુસ્તાન પોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ MoU પર ભારતના યુવાનોને પોર્ટ ઓપરેશન્સ, લોજિસ્ટિક્સ અને સંલગ્ન ક્ષેત્રોમાં વિદેશી રોજગારીની તકો મેળવવા માટે પ્રોત્સાહિત કરવા માટે હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. તેનો ઉદ્દેશ્ય ભારતીય યુવાનોને ઉચ્ચ ગુણવત્તાની તાલીમ આપવાનો છે. આ કેન્દ્રો કેનેડા, UAEમાં ઉપલબ્ધ તાલીમ સુવિધાનું આયોજન કરશે. ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (GCC) પ્રદેશ જેવા દેશોમાં સ્થિત વિવિધ આંતરરાષ્ટ્રીય નોકરીદાતાઓ દેશના યુવાનોને માંગ મુજબ કૌશલ્ય પ્રદાન કરશે. આ કેન્દ્રોમાં વિદેશી નોકરીદાતાઓ અને ભાગીદાર સંસ્થાઓનું વિશાળ નેટવર્ક હશે જે પ્રમાણિત અને કુશળ કર્મચારીઓની સપ્લાયને સરળ બનાવવામાં મદદ કરશે અને વિદેશી બજારોમાં ભારતીય કર્મચારીઓની માંગ વધારવા માટે ભાગીદાર સંસ્થા NSDC સાથે મળીને કામ કરશે.

## વિશ્વ

➤ **રશિયામાં વિજય દિવસની ઉજવણી કરવામાં આવી**

રશિયામાં 9 મે ને ‘વિજય દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે. બીજા વિશ્વ યુધ્ધમાં નાઝી જર્મનીને હરાવવામાં સોવિયત સંઘની ભૂમિકાની યાદમાં વિજય દિવસ ઉજવવામાં આવે છે. તે સૌપ્રથમ 1965માં સોવિયત નેતા લિયોનીદ બ્રેઝનેવ હેઠળ ઉજવવામાં આવ્યો હતો. 22 જૂન, 1941ના રોજ જર્મન દળોએ સોવિયત સંઘ પર આક્રમણ શરૂ કર્યુ હતું. ઓપરેશન બાર્બરોસા એ સોવિયત યુનિયન પર જર્મન આક્રમણનું કોડ નેમ છે. વિજય દિવસને મોસ્કોમાં લશ્કરી પરેડ દ્વારા ચિહ્નિત કરવામાં આવે છે.

➤ **કોવિડ-19 પર બીજી વૈશ્વિક સમિટ**

COVID-19 પર બીજી વૈશ્વિક સમિટ તાજેતરમાં વર્ચ્યુઅલ રીતે યોજાઈ હતી. યુએસ, બેલીઝ, જર્મની, ઈન્ડોનેશિયા અને સેનેગલ આ સમિટનું સહ યજમાન હતું. કોવિડ-19 પર બીજી વૈશ્વિક સમિટના ઉદ્દેશ્યો આ મુજબ છે : (1) વૈશ્વિક રસી કવરેજ વધારવાના પ્રયાસોને વેગ આપવો (2) પરીક્ષણો અને સારવારની એક્સેસ વધારવી (3) આરોગ્ય કર્મચારીઓની સુરક્ષા (4) ભવિષ્યની આરોગ્ય કટોકટી માટે આરોગ્ય સુરક્ષાની ખાતરી કરવી. કોવિડ-19 પર બીજી વૈશ્વિક સમિટની થીમ 'Preventing pandemic Fatigue and Prioritizing Preparedness' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને...............વચ્ચે તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં એક MoU થયા હતા. – ગુજરાત લેક્સિકન
- તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ.............માં આયોજિત 'ઉત્કર્ષ સમારોહ' કાર્યક્રમને વર્ચ્યુઅલ રીતે સંબોધન કર્યુ હતું ? – ભરૂચ
- તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ICDRIની કેટલામી આવૃત્તિને સંબોધન કર્યુ હતું ? – ચોથી
- રશિયામાં કયા દિવસને 'વિજય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ? – 9 મે
- તાજેતરમાં L&T એ તેની કઈ બે કંપનીના મર્જરની જાહેરાત કરી છે ? – L&T ઈન્ફોટેક અને માઈન્ડટ્રી
- તાજેતરમાં ખેલો ઈન્ડિયા ગેમ્સની 'જૈન યુનિવર્સિટી બેંગ્લુરુ' ખાતે કેટલામી આવૃત્તિ યોજાઈ હતી ? – બીજી
- તાજેતરમાં...........................રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ લાડલી લક્ષ્મી યોજના 2.0ના બીજા તબક્કાની શરૂઆત કરી છે. – મધ્યપ્રદેશ
- તાજેતરમાં કયા રાજ્યના ઘણા ભાગોમાં ટોમેટો ફ્લૂના કેસ નોંધાયા હતા ? – કેરળ
- તાજેતરમાં ...............ની મદદથી વૈજ્ઞાનિકોએ આકાશગંગાના કેન્દ્રમાં 'સૈગેટેરિયસ A*' નામના બ્લેક હોલની પ્રથમ ઈમેજની પૃષ્ઠી કરી છે. – ઈવેન્ટ હોરાઈઝન ટેલિસ્કોપ
- તાજેતરમાં કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયા ઈન્ડસ્ટ્રી અને કોન્ફેડરેશન ઓફ બ્રિટિશ ઈન્ડસ્ટ્રીએ................ટ્રેડ કમિશનની સ્થાપના માટે કરાર કર્યો હતો. – યુકે ઈન્ડિયા
- કયા સ્થળે સ્કીલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર બનાવવામાં આવશે ? – વારાણસી
- તાજેતરમાં COVID-19 પર કેટલામી વૈશ્વિક સમિટ યોજાઈ હતી ? – બીજી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# Question Of this Week

1. કઈ કંપનીએ ભારતની પ્રથમ પ્રાદેશિક રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (RRTS) ડિઝાઈન કરી છે ? – અલ્સ્ટોમ

(દિલ્હી અને મેરઠ વચ્ચે ભારતની પ્રથમ પ્રાદેશિક રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (RRTS) વૈશ્વિક ગતિશીલતા પ્રદાતા Alstom દ્વારા ડિઝાઈન કરવામાં આવી છે. આ સિસ્ટમનો પ્રથમ ટ્રેનસેટ દિલ્હી–ગાઝિયાબાદ–મેરઠ RRTS ફેઝ–1 માટે નેશનલ કેપિટલ રિજન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનને સોંપવામાં આવ્યો હતો.)

2. સમાચાર પ્રકાશકો પર મોટી ટેક કંપનીઓની સત્તાને અંકુશમાં લેવા માટે કયા દેશે 'ડિજિટલ માર્કેટ યુનિટ' (DMU) ની સ્થાપના કરી છે ? – યુ.કે

(યુ.કે એ તાજેતરમાં ગૂગલ અને ફેસબૂક જેવી મોટી ટેક કંપનીઓ માટે સ્પર્ધાના કેટલાક નિયમો જારી કર્યા છે, જેનું પાલન ન કરવા બદલ ભારે દંડ થઈ શકે છે. યુ.કે એ ન્યૂઝ પબ્લિશર્સ પર મોટી ટેક કંપનીઓની સત્તાને અંકુશમાં લેવા માટે ડિજિટલ માર્કેટ યુનિટની સ્થાપના કરી છે.)

3. 4 થી ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2022નું માસ્કોટ શું છે ? – ધાકડ

4. દર વર્ષે 'વિશ્વ સ્થળાંતરિત પક્ષી દિવસ' અથવા 'વિશ્વ પ્રવાસી પક્ષી દિવસ' (World Migratory Bird) તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ? – મે અને ઓક્ટોબરના બીજા શનિવારે

5. ભારતનું ગૌરવ તથા મહાન યોધ્ધા શ્રી મહારાણા પ્રતાપની જન્મ જયંતિ ક્યારે ઉજવવામાં આવે છે ? – 9 મે

6. તાજેતરમાં ચર્ચામાં રહેલ હડપ્પન સ્થળ 'રાખીગઢી' કયા રાજ્યમાં આવેલ છે ? – હરિયાણા

7. તાજેતરમાં કયા દેશમાં 'મંકીપોક્સ' (Monkey Pox) નામનો દુર્લભ વાયરલ ચેપ નોંધાયો છે ? – યુનાઈટેડ કિંગડમ

8. તાજેતરમાં ચર્ચામાં રહેલ જોન લી કયા દેશના નવા ચૂંટાયેલા નેતા છે ? – હોંગકોંગ

9. તાજેતરમાં મેડ્રિડ ઓપનનો ખિતાબ જીતનાર કાર્લોસ અલ્કારાઝ કયા દેશના છે ? – સ્પેન

10. ઓછી આવક ધરાવતા પરિવારોને ઈન્ટરનેટ સેવા પર સબસિડી આપવા માટે કયા દેશે 'એફોર્ડેબલ કનેક્ટિવિટી પ્રોગ્રામ' શરૂ કર્યો છે ? – અમેરિકા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. સરકારી શાળાઓમાં નાસ્તો આપનાર દેશનું પ્રથમ રાજ્ય કયું છે ? – તમિલનાડુ
(સરકારી શાળાઓમાં મધ્યાહન ભોજનની સાથે નાસ્તો આપનાર તમિલનાડુ દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. તમિલનાડુના મુખ્યમંત્રી શ્રી એમ. કે. સ્ટાલિને રાજ્યમાં ધો. 1 થી 5ના વિદ્યાર્થીઓ માટે નાસ્તાની યોજનાની જાહેરાત કરી હતી.)

12. 100 બિલિયન ડોલરની વાર્ષિક આવકને પાર કરનાર પ્રથમ ભારતીય કંપની કઈ છે ? – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ

13. 'વિશ્વ લ્યુપસ દિવસ' કયા દિવસના રોજ ઉજવવામાં આવે છે ? – 10 મે

14. નાટો (NATO)ના સાયબર ડિફેન્સ ગ્રુપમાં સામેલ થનાર પ્રથમ એશિયન દેશ કયો છે ? – દક્ષિણ કોરિયા
(દક્ષિણ કોરિયાની નેશનલ ઈન્ટેલિજન્સ સર્વિસ NATOના સાયબર ડિફેન્સ ગ્રુપમાં જોડનાર એશિયાની પ્રથમ એજન્સી બની છે. દક્ષિણ કોરિયા ચીન અને ઉત્તર કોરિયા તરફથી સાયબર ધમકીઓનો સામનો કરી રહ્યું છે. NISને NATOના 'Cooperative Cyber Defence center of Excellence' (CCDCOE)માં સહયોગી ભાગીદાર તરીકે સ્વીકારવામાં આવ્યું છે.)

15. તાજેતરમાં ચર્ચામાં રહેલ જૈવવિવિધતાવાળી આદ્રભૂમિ 'સવા સરોવર' (SAWA LAKE) કયા દેશમાં સ્થિત છે ?
– ઈરાક

16. 'શ્રી યુન સુક–યોલ' (Yoon Suk-Yeol) કયા દેશના નવા રાષ્ટ્રપતિ છે ? – દક્ષિણ કોરિયા

17. 'Experience Studio on Drones' કઈ સંસ્થામાં શરૂ કરવામાં આવ્યો છે ? – નીતિ આયોગ

18. દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય વનસ્પતિ આરોગ્ય દિવસ' કયારે મનાવવામાં આવે છે ? – 12 મે

19. કેટલીન નોવાક તાજેતરમાં કયા દેશના પ્રથમ મહિલા અને સૌથી યુવા રાષ્ટ્રપતિ બન્યા છે ? – હંગેરી

20. ઈન્ટરસોલર યુરોપ 2022 ઈવેન્ટ.............માં શરૂ થઈ છે. – જર્મની

21. 2022 ટેમ્પલટન પુરસ્કારના વિજેતા કોણ છે ? – ફ્રેન્ક વિલ્ઝેક

22. કૃષિ મંત્રાલયે કઈ સંસ્થા સાથે PMFBY અને KCCને તકનીકી સહાય માટે MoU પર હસ્તાક્ષર કર્યા છે ?
– UNDP

23. કયા કેન્દ્રીય મંત્રાલયે 'ભારત ટેપ' (BHARAT TAP) પહેલ શરૂ કરી છે ?
– આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય
(આવાસ અને શહેરી બાબતોના મંત્રી શ્રી હરદીપ એસ પુરીએ 'પ્લમ્બેક્સ ઈન્ડિયા' પ્રદર્શનમાં 'ભારત ટેપ' પહેલ શરૂ કરી છે. ભારત ટેપ પહેલ મોટા પાયે લો–ફ્લો, સેનેટરી–વેર પ્રદાન કરશે અને આમ સ્ત્રોત પર પાણીના વપરાશમાં નોંધપાત્ર ઘટાડો કરશે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

24. કઈ સંસ્થાએ 'YUVA ટુરિઝમ ક્લબ' સ્થાપવાની જાહેરાત કરી છે ? – CBSE

(CBSE એ તમામ CBSE સંલગ્ન શાળાઓને યુવા પ્રવાસન ક્લબ અંગેની સૂચના જારી કરી છે. પ્રવાસન મંત્રાલયે 'આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવણીના ભાગરૂપે યુવા ટુરિઝમ ક્લબ શરૂ કર્યો છે.)

25. સંયુક્ત રાષ્ટ્રમાં...........ભાષાના ઉપયોગને પ્રોત્સાહિત કરવા માટે ભારતે Hindi@UN પ્રોજેક્ટમાં 8,00,000 ડોલરનું યોગદાન આપ્યું છે. – હિન્દી


(Hindi@UN એ સંયુક્ત રાષ્ટ્રના જાહેર માહિતી વિભાગના સહયોગથી 2018માં ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ એક પ્રોજેક્ટ છે. તેનો હેતુ હિન્દીમાં સંયુક્ત રાષ્ટ્રની જાહેરાત પહોંચ વધારવાનો છે.)


26. તાજેતરમાં અમિતભાઈ શાહ દ્વારા......પોલીસને પ્રેસિડન્ટ કલર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. – આસામ


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS





## ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ













































**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

# INSTITUTE FOR COMPETITIVE EXAMS

| Website | YouTube |
|---|---|
| iceonline.in | icerajkot |

| WhatsApp | Telegram |
|---|---|
| joinicerajkot.com | t.me/icerajkotofficial.com |

| Instagram | Facebook |
|---|---|
| icerajkot | icerajkot |

| Twitter | ICE Magic |
|---|---|
| icerajkot | ICE MAGIC WEEKLY CURRENT AFFAIRS Free Download |

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ **Social Media Icon** પર **Click** કરો.